www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# LAW

Name & Signature of the Invigilator

......................................................

......................................................

## PAPER – II

## CODE-16

OMR Answer Sheet No. :

Roll No. :

(in figures as in Hall Ticket)

Roll Number in words : ......................................

......................................................................

Question Booklet Sl. No. 160668

**Time : 2 Hours]** **No. of Printed Pages : 48** **[Maximum Marks : 200**

SEAL

### Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example:** (A) ⬬ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

### પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval)ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   **ઉદાહરણ** : (A) ⬬ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્નકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

www.prepp.in

DO NOT WRITE HERE

www.prepp.in

prepp
Your Personal Exams Guide

# LAW
## Paper – II

**1.** Who defines Jurisprudence as the scientific synthesis of the essential principles of law ?

(A) H.L.A. Hart
(B) B.N. Cardozo
(C) C.K. Allen
(D) Rosco Pound

**2.** Match the 'Author' with 'the Book' written by him and choose your answer using the codes given below :

| **Author** | **Name of the Book** |
|---|---|
| a. Julius Stone | 1. Province of Jurisprudence Determined |
| b. C.K. Allen | 2. Law in the Making |
| c. Keeton | 3. The Province and Functions of Law |
| d. Austin | 4. The Elementary Principles of Jurisprudence |

**Codes :**

(A) a – 1, b – 2, c – 3, d – 4
(B) a – 3, b – 2, c – 4, d – 1
(C) a – 1, b – 3, c – 2, d – 4
(D) a – 4, b – 2, c – 3, d – 1

**1.** નીચેના પૈકી કોના દ્વારા વિધિશાસ્ત્રની વ્યાખ્યા 'કાયદાના મહત્વના સિદ્ધાંતોનું વૈજ્ઞાનિક વિશ્લેષણ' એ પ્રકારે કરવામાં આવેલ છે ?

(A) એચ. એલ. એ. હાર્ટ
(B) બી. એન. કાર્ડોઝો
(C) સી. કે.એલન
(D) રોસ્કો પાઉન્ડ

**2.** નીચેદર્શાવેલ સર્જકને પોતાના પુસ્તકના નામ સાથે જોડો અને નીચેના વિકલ્પોના આધારે તમારો જવાબ લાખો

| સર્જક/લેખક | પુસ્તકનું નામ |
|---|---|
| a. જુલિયસ સ્ટોન | 1. પ્રોવિન્સ ઓફ જ્યુરીસ્પ્રુડન્સ ડીટરમાઈન્ડ |
| b. સી.કે. એલન | 2. લો ઇન ધ મેકિંગ |
| c. કીટન | 3. ધી પ્રોવિન્સ એન્ડ ફંક્શન ઓફ લો |
| d. ઓસ્ટિન | 4. ધી એલિમેન્ટ્રી પ્રિન્સીપાલ ઓફ જ્યુરીસ્પ્રુડન્સ |

વિકલ્પો :

(A) a – 1, b – 2, c – 3, d – 4
(B) a – 3, b – 2, c – 4, d – 1
(C) a – 1, b – 3, c – 2, d – 4
(D) a – 4, b – 2, c – 3, d – 1

Prepp
Your Personal Exams Guide

**3.** Read the Assertion (A) and Reason (R) and give the correct answer with the codes given below :

**Assertion (A) :** Austin said that "only the laws set by sovereign to the members of a political society are positive law or law simply and strictly so called".

**Reason (R) :** In this theme of explaining laws, Austin attached importance to the element of sanction.

**Codes :**

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true and (R) is not the correct explanation of (A)

(C) (A) is true and (R) is false

(D) (A) is false and (R) is true

**4.** According to 'Allen', Jurisprudence is

(A) A particular method of study, not of law of one Country, but of the general notions of law itself

(B) Body of principles recognised or enforced by public and regular tribunals in administration of justice

(C) Scientific synthesis of all essential principles of law

(D) A science which endeavours to ascertain the fundamental principles of which law is the expression

**3.** નીચે આપેલ નિશ્ચયાત્મક વિધાન **'A'** અને કારણ **'R'** ને વાંચો અને વિકલ્પોમાંથી સાચો જવાબ શોધો.

નિશ્ચયાત્મક વિધાન : **'A'** ઓસ્ટિને કહેલું કે, "રાજકીય સોસાયટીના સભ્યોની સાર્વભૌમ સત્તા દ્વારા બનાવવામાં, આવેલ કાયદો જ હકારાત્મક કાયદો અથવા સામાન્ય રીતે અને ચુસ્ત રીતે કાયદો ગણાય"

કારણ **(R)** આ પ્રકારે કાયદાને સમજાવવાની રીતમાંઓસ્ટિન દ્વારા અમલીકરણ ના તત્વને મહત્વ આપવામાં આવેલ છે.

વિકલ્પો :

(A) બંને **'A'** અને **'R'** સાચાં છે અને **'R'** એ **'A'**ની સાચી સમજૂતિ છે

(B) બંને **'A'** અને **'R'** સાચાં છે અને **'R'** એ **'A'**ની સાચી સમજૂતિ નથી

(C) **'A'** સાચું છે અને **'R'** ખોટું છે

(D) **'A'** ખોટું છે અને **'R'** સાચું છે

**4.** એલનના મતે, વિધિશાસ્ત્ર એ.......

(A) અભ્યાસની એક ચોક્કસ પદ્ધતિ છે જેમાં માત્ર એક દેશના નહિ પરંતુ કાયદાની સામાન્ય સંકલ્પનાઓનો પણ અભ્યાસ થાય છે

(B) સિદ્ધાંતોનો એવો સમૂહ કે જે જનતા દ્વારા તેમજ નિયમિત પંચો તથા ન્યાયના વહીવટ દ્વારા ઓળખાવવામાં આવેલ અને અમલમાં મુકવામાં આવેલ છે

(C) કાયદાના તમામ મહત્વના સિદ્ધાંતોનું વૈજ્ઞાનિક અન્વેષણ છે

(D) જેનું પ્રગટીકરણ કાયદાના સ્વરૂપમાં થાય છે. તેવા મહત્વના સિદ્ધાંતો નક્કી કરવાનો પ્રયત્ન કરતું વિજ્ઞાન છે

Prepp
Your Personal Exams Guide

**5.** Who of the following explain that "to classify all laws as coercive orders or as moral commands is to over simplify the relation between law, coercion and morality" ?

(A) H.L.A. Hart (B) Hans Kelsen

(C) John Austin (D) C.K. Allen

**6.** Which of the following are the two main theories of legal right ?

(A) Realist theory and will theory

(B) Interest theory and will theory

(C) Interest theory and fiction theory

(D) Bracket theory and interest theory

**7.** Read the Assertion (A) and Reason (R) and choose your answer using the codes given below :

**Assertion (A) :** A perfect duty is one which a person not merely ought to perform, but may be justly compelled to perform.

**Reason (R) :** A perfect duty is one which is not merely recognised by law but enforceable.

**Codes :**

(A) Both (A) and (R) are correct and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are correct and (R) is not the correct explanation of (A)

(C) (A) is correct and (R) is wrong

(D) (A) is wrong and (R) is correct

**5.** તમામ કાયદાઓને બળજબરી પૂર્વકના હૂકમો અથવા નૈતિક આદેશો તરીકે વર્ગીકૃત કરવાં એ કાયદો, બળજબરી તથા નૈતિકતા વચ્ચેના સંબંધોનું વધુ પડતું સરળીકરણ છે.

(A) એચ. એલ. એ. હાર્ટ (B) હેન્સ કેલ્સન

(C) જ્હોન ઓસ્ટિન (D) સી. કે. એલન

**6.** નીચે દર્શાવ્યા પૈકીના કયા બે સિદ્ધાંતોને કાયદેસરના અધિકારો અંગેની મહત્વના સિદ્ધાંતો ગણવામાં આવે છે ?

(A) હકીકતની તેમજ ઈચ્છતી વિચારસરણી

(B) હિત તેમજ ઈચ્છાની વિચારસરણી

(C) હિત તેમજ કાલ્પનિક વિચારસરણી

(D) હાંસિયામાં રહેલ (બ્રેકેટ થિયરી) તેમજ હિત વિચારસરણી

**7.** નીચે આપેલ નિશ્ચયાત્મક વિધાન **(A)** અને કારણ **(R)** વાંચો અને તમારો જવાબ વિકલ્પોમાંથી પસંદ કરો.

નિશ્ચયાત્મક વિધાન **(A):** એક સંપૂર્ણ ફરજ એ છે કે જેનું વ્યક્તિ માત્ર પાલન કરી શકતો હોય તેટલુંજ નહિ, પરંતુ તેનું પાલન કરવા માટે તેને ન્યાયપૂર્ણ રીતે ફરજ પાડી શકાય.

કારણ**(R):**એક સંપૂર્ણ ફરજ એ છે કે જેને કાયદા દ્વારા માત્ર ઓળખાવવામાં આવેલી જ ન હોય પરંતુ તેનું અમલીકરણ કરી શકાય તેમ હોય.

વિકલ્પો :

(A) બંને **A** અને **R** સાચા છે અને **A** એ **R** ની સાચી સમજૂતિ છે

(B) બંને **A** અને **R** સાચા છે અને **R** એ **A** ની સાચી સમજૂતિ નથી

(C) **A** સાચું છે અને **R** ખોટું છે

(D) **A** ખોટું છે અને **R** સાચું છે

8. Who said that "the movement of progressive societies has hitherto been a movement from status to contract" ?

(A) Henry Maine

(B) Blackstone

(C) Jeremy Bentham

(D) Fuller

9. Match the List – I with List – II and select the correct answer using the codes given below :

| List – I | List – II |
|---|---|
| a. Law in a changing society | 1. Justice Cardozo |
| b. Human Law and Human Justice | 2. Friedman |
| c. Minimum content of Law | 3. H.L.A. Hart |
| d. The growth of Law | 4. Julius Stone |

**Codes :**

(A) a – 2, b – 4, c – 3, d – 1

(B) a – 2, b – 3, c – 4, d – 1

(C) a – 1, b – 2, c – 4, d – 3

(D) a – 3, b – 4, c – 1, d – 2

8. આ વાક્ય કોણે કહેલું છે ?- "પ્રગતિશીલ સમાજની ચળવળ હોદાથી કરાર પ્રત્યેની ચળવળ છે."

(A) હેન્રી મેઈન

(B) બ્લેક સ્ટોન

(C) જેરેમી બેન્થામ

(D) ફુલર

9. યાદી I ને યાદી II સાથે જોડો અને નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

| યાદી - I | યાદી- II |
|---|---|
| a. પરિવર્તન પામનાર સમાજમાં કાયદો | 1. જસ્ટીસ કાર્ડોઝો |
| b. માનવીય કાયદો અને માનવીય ન્યાય | 2. ફ્રાઇડમેન |
| c. કાયદાની લઘુતમ બાબતો | 3. એચ. એલ. એ. હાર્ટ |
| d. કાયદાનો વિકાસ | 4. જુલીયસ સ્ટોન |

વિકલ્પો :

(A) a – 2, b – 4, c – 3, d – 1

(B) a – 2, b – 3, c – 4, d – 1

(C) a – 1, b – 2, c – 4, d – 3

(D) a – 3, b – 4, c – 1, d – 2

Prepp
Your Personal Exams Guide

**10.** Which of the following is/are true about poverty and its aspects ?

i. Poverty is a denial of choice and opportunities.

ii. Poverty is a violation of human dignity.

iii. Poverty implies living on marginal and fragile environment.

iv. Poverty means insecurity, powerlessness and exclusion of individuals.

Choose your answer using the following codes :

**Codes :**

(A) Only i is correct

(B) Only i, ii and iii are correct

(C) Only ii, iii and iv are correct

(D) i, ii, iii and iv are correct

**11.** Article 15(3) of the Constitution empowers the State to make special provision for

(A) Reservation in employment for Scheduled Castes and Scheduled Tribes

(B) Women and children

(C) Reservation for Scheduled Castes and Scheduled Tribes in Educational Institutions

(D) Special provision for socially and economically backward classes

**10.** નીચે દર્શાવ્યા પૈકી કયા વિધાનો ગરીબાઈ અને તેની બાબતો પરત્વે સાચા છે ?

i. ગરીબી એ પસંદગી અને તકોનો ઇનકાર છે

ii. ગરીબી એ માનવ ગૌરવનો ભંગ છે

iii. ગરીબી એ સિમીત અને નાજૂક વાતાવરણમાં જીવન દર્શાવે છે.

iv. ગરીબીએ યાને અસુરક્ષા, શક્તિવિહિનતા અને વ્યક્તિઓની ઉપેક્ષા

તમારો જવાબ નીચેના વિકલ્પોમાંથી પસંદ કરો....

વિકલ્પો :

(A) માત્ર i સાચું છે

(B) માત્ર i, ii અને iii સાચા છે

(C) માત્ર ii, iii અને iv સાચા છે

(D) i, ii, iii અને iv સાચા છે

**11.** બંધારણનો અનુચ્છેદ ૧૫(૩) રાજ્યને ..... માટે વિશિષ્ટ જોગવાઈઓ ઘડવા માટે સત્તા આપે છે.

(A) અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતિ માટે નોકરીમાં અનામત

(B) સ્ત્રીઓ અને બાળકો

(C) સૈક્ષણિક સંસ્થાઓમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટે અનામત

(D) સામાજીક અને સૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે વિશિષ્ટ જોગવાઈઓ

**12.** Match the case with the related subject and choose the correct answer using the codes given below :

| Name of the case | Related subject |
|---|---|
| a. Minerva Mills Vs. Union of India | 1. Right to Freedom of Speech and Expression |
| b. Sarla Mudghal Vs. Union of India | 2. Theory of Basic structure |
| c. Shreya Singhal Vs. Union of India | 3. Discussion on Article 368 |
| d. I.R. Coelho Vs. State of Tamil Nadu | 4. Rights of the converted Christian women |

**Codes :**

(A) a – 4, b – 3, c – 1, d – 2
(B) a – 2, b – 4, c – 1, d – 3
(C) a – 1, b – 2, c – 3, d – 4
(D) a – 4, b – 3, c – 2, d – 1

**13.** In which case, it was held that "Article 21 of the Constitution protects the right to life and personal liberty of the citizens not only from the executive action, but also from the legislative action ?

(A) Keshavanand Bharti Vs. State of Kerala
(B) A.K. Gopalan Vs. State of Madras
(C) Maneka Gandhi Vs. Union of India
(D) Minerva Mills Vs. Union of India

**12.** સંબંધિત વિષય સાથે નીચે દર્શાવેલાં કેસોને જોડો, અને નીચે આપેલા વિકલ્પો પરથી સાચો જવાબ શોધો.

| કેસનું નામ | સંબંધિત વિષય |
|---|---|
| a. મિનરવા મીલ્સ વિરુદ્ધ ભારત સરકાર | 1. વાણી સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિનો અધિકાર |
| b. સરલા મુદગલ વિરુદ્ધ ભારત સરકાર | 2. મૂળભૂત માળખાનો સિદ્ધાંત |
| c. શ્રેયા સિંઘલ વિરુદ્ધ ભારત સરકાર | 3. અનુચ્છેદ 368 પર ચર્ચા |
| d. આઈ. આર. કોહેલો વિરુદ્ધ તમિલનાડુ રાજ્ય | 4. ધર્માંતર કરેલ ખ્રિસ્તી સ્ત્રીના અધિકારો |

વિકલ્પો :

(A) a – 4, b – 3, c – 1, d – 2
(B) a – 2, b – 4, c – 1, d – 3
(C) a – 1, b – 2, c – 3, d – 4
(D) a – 4, b – 3, c – 2, d – 1

**13.** કયા કેસમાં એવું ઠરાવવામાં આવેલ કે બંધારણનો અનુચ્છેદ ૨૧ નાગરિકોના જીવન જીવવાના અધિકાર તેમજ વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારની રક્ષા માત્ર કારોબારી કાર્યવાહિથીજ નહિ પરંતુ ધારાસભાની કાર્યવાહિથી પણ કરે છે ?

(A) કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરલ રાજ્ય
(B) એ. કે. ગોપાલન વિરુદ્ધ મદ્રાસ રાજ્ય
(C) મેનકા ગાંધી વિરુદ્ધ ભારત સરકાર
(D) મિનરવા મિલ્સ વિરુદ્ધ ભારત સરકાર

prepp Your Personal Exams Guide

Prepp
Your Personal Exams Guide

**14.** Read the Assertion (A) and Reason (R) and choose the correct answer from the codes given below :

**Assertion (A) :** In federalism, there is a division of powers between the Centre and the States.

**Reason (R) :** The Legislation is not invalid merely because it incidentally encroaches on matters which have been assigned to another legislation.

**Codes :**

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true but (R) is not the correct explanation of (A)

(C) (A) is true but (R) is false

(D) (A) is false but (R) is true

**14.** નિશ્ચયાત્મક વિધાન અને કારણ વાંચો અને નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

નિશ્ચયાત્મક વિધાન (A) : સમવાય તંત્રમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાનું વિભાજન થયેલ હોય છે.

કારણ(R) : કોઈ કાયદો અન્ય કાયદાને ફાળવવામાં આવેલી બાબતો પર અધિગ્રહણ કરતો હોય તો માત્ર તે કારણસર જ તે કાયદો યોગ્ય ગણાય નહિ.

વિકલ્પો :

(A) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A** ની સાચી સમજૂતિ છે

(B) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A** ની સાચી સમજુતિ નથી

(C) **A** સાચું છે અને **R** ખોટું છે

(D) **A** ખોટું છે અને **R** સાચું છે

**15.** Under Article 30(1), the right to establish and administer educational institutions belongs to

(A) Religious and linguistic minorities

(B) All the Christian societies

(C) All the Charitable institutions dealing with education of minorities

(D) Trusts created by the concerned State Governments

**15.** અનુચ્છેદ ૩૦(૧) હેઠળ સૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને તેને વહિવટ કરવાનો અધિકાર કોને પ્રાપ્ત થાય છે ?

(A) ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓને

(B) તમામ ખ્રિસ્તી સોસાયટીઓને

(C) લઘુમતીઓના શિક્ષણ સાથે સંકળાયેલી હોય તેની તમામ સખાવતી સંસ્થાઓને

(D) જે-તે રાજ્ય સરકારો દ્વારા સ્થપાયેલ ટ્રસ્ટોને

Prepp
Your Personal Exams Guide

**16.** Basing on the year of pronouncement by the Supreme Court, arrange the following cases chronologically by using the codes given below :

i. Golak Nath Vs. State of Punjab
ii. Sajjan Singh Vs. State of Rajasthan
iii. Keshavanand Bharti Vs. State of Kerala
iv. Shankari Prasad Vs. Union of India

**Codes :**

| | | | | |
|---|---|---|---|---|
| (A) | iv, | ii, | i, | iii |
| (B) | i, | ii, | iii, | iv |
| (C) | ii, | i, | iv, | iii |
| (D) | iii, | ii, | iv, | i |

**17.** Match the principles evolved with the corresponding case laws and choose your answer using the codes given below :

| **Principles evolved** | **Name of the case** |
|---|---|
| a. Interim compensation to Rape victims | 1. T.V. Veethiswaran Vs. State of Tamil Nadu |
| b. Protection against illegal arrest and detention | 2. Bodhisattwa Gautam Vs. Shubhra Chakraborty |
| c. Right against delayed execution | 3. D.K. Basu Vs. State of West Bengal |
| d. Polluter pay principle | 4. Vellor Citizen's Welfare Forum Vs. Union of India |

**Codes :**

| | | | | |
|---|---|---|---|---|
| (A) | a – 1, | b – 2, | c – 3, | d – 4 |
| (B) | a – 2, | b – 3, | c – 1, | d – 4 |
| (C) | a – 1, | b – 3, | c – 2, | d – 4 |
| (D) | a – 4, | b – 2, | c – 3, | d – 1 |

**16.** સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલા ચુકાદાના વર્ષના આધારે નીચે દર્શાવેલ કેસોને આપેલ વિકલ્પોના સંદર્ભમાં ક્રમવાર ગોઠવો.

i. ગોલકનાથ વિરુદ્ધ પંજાબ રાજ્ય
ii. સજ્જન સિંહ વિરુદ્ધ રાજસ્થાન રાજ્ય
iii. કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરલા રાજ્ય
iv. શંકરીપ્રસાદ વિરુદ્ધ ભારત સરકાર

વિકલ્પો :

| | | | | |
|---|---|---|---|---|
| (A) | iv, | ii, | i, | iii |
| (B) | i, | ii, | iii, | iv |
| (C) | ii, | i, | iv, | iii |
| (D) | iii, | ii, | iv, | i |

**17.** નીચે દર્શાવેલા સિદ્ધાંતોને જે-તે કેસ સાથે જોડો અને તમારો જવાબ નીચે આપેલા વિકલ્પોમાંથી શોધો.

| સિદ્ધાંતો | કેસનું નામ |
|---|---|
| a. બળાત્કારનો ભોગ બનનારને વચગાળાનું વળતર | 1. ટી.વી. વિથીસરન વિરુદ્ધ તમિલનાડુ રાજ્ય |
| b. ગેરકાયદેસર ધરપકડ અને અટકાયત સામે રક્ષણ | 2. બોધિસત્વ ગૌતમ વિરુદ્ધ શુભ્રા ચક્રવર્તી |
| c. અમલીકરણમાં વિલંબ વિરુદ્ધ અધિકાર | 3. ડી.કે.બસુ વિરુદ્ધ પશ્ચિમ બંગાળ રાજ્ય |
| d. પ્રદુષણ કરનાર ચૂકવે-તે સિદ્ધાંત | 4. વેલ્લોર સિટીઝન વેલ્ફેર ફોરમ વિરુદ્ધ ભારત સરકાર |

વિકલ્પો :

| | | | | |
|---|---|---|---|---|
| (A) | a – 1, | b – 2, | c – 3, | d – 4 |
| (B) | a – 2, | b – 3, | c – 1, | d – 4 |
| (C) | a – 1, | b – 3, | c – 2, | d – 4 |
| (D) | a – 4, | b – 2, | c – 3, | d – 1 |

18. A resolution for the revocation of the proclamation of National Emergency may be moved by
(A) The Prime Minister in the Lok Sabha
(B) One-tenth of the members of the Lok Sabha
(C) Union Home Minister in the Lok Sabha
(D) One-fifteenth of the members of the Lok Sabha

19. Which of the following is not a basic source of Administrative Law ?
(A) Custom
(B) Delegated Legislation
(C) Ordinance promulgated by the Governor
(D) Reports of the committees and commissions

20. Which of the following Doctrine(s) were developed by the Court to control the administrative actions ? Choose your answer from the codes given below the Doctrines.
i. Doctrine of promissory estoppel
ii. Doctrine of Legitimate expectations
iii. Doctrine of separation of powers and Rule of Law
iv. Judicial activism

**Codes :**
(A) Only i, ii and iii are correct
(B) Only iii is correct
(C) Only ii, iii and iv are correct
(D) i, ii, iii and iv are correct

18. રાષ્ટ્રીય કટોકટી ને રદ કરવા અંગેનો ઠરાવ કોના દ્વારા રજૂ કરી શકાય ?
(A) પ્રધાનમંત્રી દ્વારા લોકસભામાં
(B) લોકસભાના ૧/૧૦ સભ્યો દ્વારા
(C) લોકસભામાં કેન્દ્રિય ગૃહમંત્રી દ્વારા
(D) લોકસભાના ૧/૧૫ સભ્યો દ્વારા

19. નીચે દર્શાવ્યા પૈકીનો કયો સ્રોત વહિવટી કાયદાનો મૂળ સ્ત્રોત નથી ?
(A) રૂઢિ
(B) પ્રત્યાયુકત કાયદો
(C) ગવર્નર દ્વારા જારી કરવામાં આવેલ વટહૂકમ
(D) સમિતિઓ અને પંચોના અહેવાલો

20. નીચે દર્શાવ્યા પૈકી કયા સિદ્ધાંતોને અદાલતો દ્વારા વહિવટી કૃત્યોના અંકુશ માટે વિકસાવવામાં આવેલા ? તમારો જવાબ નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી પસંદ કરો.
i. પ્રોમિસરી એસ્ટોપલ (વચનપાલનબદ્ધતા) નો સિદ્ધાંત
ii. વાજબી અપેક્ષાઓનો સિદ્ધાંત
iii. સત્તાનું વિભાજન અને કાયદાના શાસનનો સિદ્ધાંત
iv. ન્યાયિક સક્રિયતા

વિકલ્પો :
(A) માત્ર i, ii અને iii સાચાં
(B) માત્ર iii સાચું
(C) માત્ર ii, iii અને iv સાચાં
(D) i, ii, iii અને iv સાચાં

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**21.** Jus cogens means

(A) Rules developed from a bilateral treaty which was found universal

(B) Pre emptory norms of general principles of International Law from which derogation is permissible

(C) Rules of ancient customary International Law which are rendered redundant in modern times

(D) Body of customary and treaty rules which are considered legally binding by civilised States

**22.** Read Assertion (A) and Reason (R) and choose the correct answer using the codes given below :

**Assertion (A)** : International law consists of the most part of the customary rules.

**Reason (R)** : Customary rules are the original and oldest source of International Law.

**Codes :**

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true but (R) is not the correct explanation of (A)

(C) (A) is true and (R) is false

(D) (A) is false and (R) is true

**21.** જસ કોજેન્સ નો અર્થ

(A) દ્વિ પક્ષીય સંધિ પરથી વિકસાવવામાં આવેલ નિયમો કે જે વૈશ્વિક રીતે જોવા મળેલ

(B) આંતરરાષ્ટ્રીય કાયદાના સામાન્ય સિદ્ધાંતોના પૂર્વનિર્ધારક મૂલ્યો કે જેમાંથી ઘટાડો કરવો શક્ય છે

(C) પ્રાચિન રૂઢિગત આંતરરાષ્ટ્રીય કાયદાના નિયમો કે જે આધુનિક યુગમાં નિરર્થક માનવામાં આવે છે

(D) રૂઢિગત અને સંધિગત નિયમોનો સમૂહ કે જેને નાગરિક રાજ્યો દ્વારા કાયદેસર રીતે બંધનકર્તા ગણવામાં આવે છે

**22.** નિશ્ચયાત્મક વિધાન **(A)** અને કારણ **(R)** વાંચો અને નીચેના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

નિશ્ચયાત્મક વિધાન **A** : આંતરરાષ્ટ્રીય કાયદો રૂઢિગત નિયમોના મુખ્ય ભાગો ધરાવે છે.

કારણ **R** : રૂઢિગત નિયમો એ આંતરરાષ્ટ્રીય કાયદાના સૌથી જુના અને મૂળ સ્ત્રોત છે.

વિકલ્પો :

(A) બંને **A** અને **R** સાચાં છે અને **R** એ **A** ની સાચી સમજૂતિ છે

(B) બંને **A** અને **R** સાચાં છે પરંતુ **R** એ **A** ની સાચી સમજૂતિ નથી

(C) **A** સાચું છે અને **R** ખોટું છે

(D) **A** ખોટું છે અને **R** સાચું છે

**23.** De-facto Recognition means

(A) Circumstantial and tentative recognition

(B) Recognition in principle

(C) Legal Recognition

(D) Recognition is dependent on the nature of the Government

**24.** Extradition means

(A) Handing over undesirable diplomats to their own Countries

(B) Handing over a diplomat to another State

(C) Handing over a spy to another State

(D) Handing over a criminal to other State

**25.** Which of the following statement is true ?

(A) A decision of General Assembly is immoral and unethical, if it is without true legal effect

(B) A recommendation of General Assembly may be without true legal effect, it may have effects of a moral and political character

(C) A decision of General Assembly may be with true legal effect, it may not be without effects of a moral and political character

(D) None of the above

**23.** વાસ્તવિક(ડી ફેક્ટો)માન્યતા એટલે .......

(A) સંજોગો આધારિત અને અંદાજીત માન્યતા

(B) સૈદ્ધાંતિક માન્યતા

(C) કાયદેસરની માન્યતા

(D) માન્યતા સરકારના પ્રકાર/સ્વરૂપ ઉપર આધારિત હોય

**24.** પ્રત્યાર્પણ એટલે ..........

(A) અનિચ્છનીય રાજદ્વારીઓને તેમના દેશોમાં સોંપવા

(B) રાજદ્વારીને અન્ય રાજ્યને સોંપવો

(C) કોઈ જાસુસને અન્ય રાજ્યને સોંપવો

(D) કોઈ ગુનેગારને અન્ય રાજ્યને સોંપવો

**25.** નીચે દર્શાવ્યા પૈકી કયું કથન સત્ય છે ?

(A) સામાન્ય સભા (જનરલ એસેમ્બલી)નો નિર્ણય અનૈતિક ગણાશે,જો તે કાયદેસરની ખરી અસર વિનાનો હશે

(B) સામાન્ય સભા (જનરલ એસેમ્બલી) ની ભલામણ સાચી કાયદેસરની અસરો સિવાય હશે અને તે નૈતિક અને રાજકીય સ્વરૂપની અસરો ધરાવી શકશે

(C) સામાન્ય સભા(જનરલ એસેમ્બલી)નો નિર્ણય કાયદેસરની અસર સહીત હોઈ શકે, તે નૈતિક તેમજ રાજકીય સ્વરૂપની અસરો સિવાય ન હોઈ શકે

(D) ઉપરમાંથી કોઈ નહી

Prepp Your Personal Exams Guide

Prepp
Your Personal Exams Guide

**26.** Match the International Instruments with the Year and choose your answer by using the codes given below :

| **International Instruments** | **Year** |
| --- | --- |
| a. Convention of the Rights of the child | 1. 2006 |
| b. Universal Declaration of Human Rights | 2. 1990 |
| c. Convention on the Rights of the persons with disabilities | 3. 1948 |
| d. International covenant on Civil and Political Rights | 4. 1966 |

**Codes :**

(A) a – 1, b – 3, c – 2, d – 4

(B) a – 4, b – 2, c – 3, d – 1

(C) a – 2, b – 3, c – 4, d – 1

(D) a – 2, b – 3, c – 1, d – 4

**26.** નીચે દર્શાવેલા આંતરરાષ્ટ્રીય લેખોને તેની રચનાના વર્ષ સાથે સરખાવો અને તમારો જવાબ નિચેના વિકલ્પોમાંથી પસંદ કરો.

| આંતરરાષ્ટ્રીય લેખો | વર્ષ |
| --- | --- |
| a. બાળકોના અધિકારો અંગેનું સંમેલન | 1. 2006 |
| b. માનવઅધિકારોનો વૈશ્વિક ઢંઢેરો | 2. 1990 |
| c. વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અંગેનું સંમેલન | 3. 1948 |
| d. નાગરિક તેમજ રાજકીય અધિકારો અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદ | 4. 1966 |

વિકલ્પો :

(A) a – 1, b – 3, c – 2, d – 4

(B) a – 4, b – 2, c – 3, d – 1

(C) a – 2, b – 3, c – 4, d – 1

(D) a – 2, b – 3, c – 1, d – 4

Prepp
Your Personal Exams Guide

**27.** Which of the following statement(s) is/are correct about World Trade Organisation ?

i. The new World Trade Organisation came into effect on January 1, 1995.

ii. The head quarters of World Trade Organisation is located at Geneva.

iii. At present, the WTO is run by its members of which there are currently 164.

iv. India joined the World Trade Organisation in the year 2000.

Choose your answer using the codes given below :

**Codes :**

(A) Only i and ii are correct
(B) Only iv is correct
(C) Only i, ii and iii are correct
(D) i, ii, iii and iv are correct

**28.** Which of the following are true so far as rights of internally displaced persons are concerned ? Choose your correct answer using the codes given below :

i. The right to seek safety in another part of the Country.

ii. The right to seek asylum in another Country.

iii. The right to leave their Country.

**Codes :**

(A) Only i is correct
(B) Only i and ii are correct
(C) i, ii and iii are correct
(D) None of the above

**27.** વિશ્વ વ્યાપાર સંગઠન અંગે નીચે દર્શાવ્યા પૈકીનું કયું વિધાન/વિધાનો સાચા છે ?

i. નવું વિશ્વ વ્યાપાર સંગઠન 1 જાન્યુઆરી 1995 ના રોજ અસ્તિત્વમાં આવ્યું

ii. વિશ્વ વ્યાપાર સંગઠન નું મુખ્ય મથક જીનિવામાં આવેલું છે.

iii. હાલમાં વિશ્વ વ્યાપાર સંગઠન તેના સભ્યો દ્વારા ચલાવવામાં આવે છે અને તેની સંખ્યા 164 છે

iv. ભારતે વિશ્વ વ્યાપાર સંગઠનમાં 2000 ના વર્ષમાં જોડાણ કર્યું.

તમારો જવાબ નીચે આપેલા વિકલ્પોમાંથી પસંદ કરો.

વિકલ્પો :

(A) માત્ર i અને ii સાચાં છે
(B) માત્ર iv સાચું છે
(C) માત્ર i, ii અને iii તમામ સાચાં છે
(D) i, ii, iii અને iv તમામ સાચાં છે

**28.** આંતરિક વિસ્થાપિત વ્યક્તિઓના અધિકારોના સંદર્ભમાં નીચે દર્શાવ્યા પૈકી ક્યા વિધાનો સાચા છે ? તમારો જવાબ નિચેના વિકલ્પોના આધારે પસંદ કરો.

i. દેશના અન્ય ભાગમાં સલામતીની માંગણી કરવાનો અધિકાર

ii. અન્ય દેશમાં આશ્રય મેળવવાનો અધિકાર

iii. પોતાનો દેશ છોડવાનો અધિકાર

વિકલ્પો :

(A) માત્ર i સાચું છે
(B) માત્ર i અને ii સાચાં છે
(C) i, ii અને iii સાચાં છે
(D) ઉપરમાંથી કોઈ નહિ

29. The International Red Cross Conference held in Stockholm approved four Conventions known as Geneva Conventions I to IV and these Conventions came into force on

(A) August 12, 1949

(B) August 30, 1949

(C) January 1, 1950

(D) October 21, 1950

30. Of the following which is/are true about International Humanitarian Law ?

i. International Humanitarian Law is a branch of jurisprudence which regulates the conduct of armed conflicts.

ii. International Humanitarian Law is a part of International Law which is a body of rules governing the relations between the States.

iii. International Humanitarian Law is a set of rules to limit the effect of armed conflict.

iv. International Humanitarian Law can be defined as the human rights component of the law of war.

Choose your answer using the codes given below :

**Codes :**

(A) Only i, ii, iii are true

(B) Only ii and iii are true

(C) i, ii, iii and iv are true

(D) Only iv is true

29. આંતરરાષ્ટ્રીય રેડક્રોસ સંમેલન કે જે સ્ટોકહોમમાં યોજવામાં આવેલ તેમના દ્વારા ચાર સંમેલનો ને મંજૂરી આપવામાં આવી છે જેને જીનીવા સંમેલન I થી IV તરીકે ઓળખાય છે. અને આ સંમેલનો કઈ તારીખથી અમલમાં આવ્યા ?

(A) ઓગસ્ટ 12, 1949

(B) ઓગસ્ટ 30, 1949

(C) જાન્યુઆરી 1, 1950

(D) ઓક્ટોબર 21, 1950

30. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા અંગે નીચે દર્શાવ્યા પૈકીનું કયું વિધાન સાચું છે ?

i. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદો વિધીશાસ્ત્રની શાખા છે કે જે સશસ્ત્ર વિગ્રહોની હરકતોને અંકુશિત કરે છે.

ii. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદો એ આંતરરાષ્ટ્રીય કાયદાનો ભાગ છે કે જે રાજ્યો વચ્ચેના સંબંધોને અંકુશિત કરે છે.

iii. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદો એ નિયમોનો સમૂહ છે કે જે સશસ્ત્ર વિગ્રહોની અસરોને માર્યાદિત કરે છે.

iv. આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાને યુદ્ધના કાયદાનો માનવ અધિકાર લક્ષી ભાગ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય.

તમારો જવાબ નીચેના વિકલ્પોમાંથી શોધો.

વિકલ્પો :

(A) માત્ર i, ii અને iii સાચાં છે

(B) માત્ર ii, અને iii સાચા છે

(C) માત્ર i, ii, iii અને iv સાચાં છે

(D) માત્ર iv સાચું છે

Prepp
Your Personal Exams Guide

**31.** The Maxim "actus non facit reum, nisi mens sit rea" means

(A) There can be no crime without a guilty mind

(B) Crime has to be coupled with guilty mind

(C) Crime is the result of the guilty mind

(D) In crime intention is relevant, motive is irrelevant

**32.** When a Criminal Act is done by several persons in furtherance of the common intention of all

i. Each of such person is liable for his own overt act.

ii. Nobody can be held liable in the absence of common intention.

iii. Each of such person is liable for that act in the same manner as if it were done by him alone.

iv. Each of such person shall be liable according to the extent of his participation in the crime.

Choose your answer using the following codes :

**Codes :**

(A) Only i is correct

(B) Only ii is correct

(C) Only iii is correct

(D) Only iv is correct

**31.** સૂત્ર 'એક્ટસ નોન ફેસિટ રિયમ નીસી મેન્સ સીટ રિઆ' નો અર્થ શું થાય ?

(A) ગુનાહિત માનસ વિના ગુનો સંભવીન શકે

(B) ગુનો ગુનાહિત માનસ સાથે થવો જોઈએ

(C) ગુનો ગુનાહિત માનસનું પરિણામ છે

(D) ગુનામાં ઇરાદો અગત્યનો છે. હેતુ અગત્યનો નથી

**32.** જ્યારે કોઈ ગુનાહિત કાર્ય એક કરતા વધુ વ્યક્તિઓ દ્વારા, તે બધાનો સામાન્ય ઈરાદો બર લાવવા માટે કરવામાં આવેલ હોય ત્યારે......

i. તેવી તમામ વ્યક્તિ પોતાના કૃત્ય માટે જવાબદાર ગણાશે.

ii. સામાન્ય ઈરાદાના અભાવે કોઈપણ વ્યક્તિ જવાબદાર ગણાશે નહિ.

iii. તે પ્રત્યેક વ્યક્તિ જાણે કે તે કાર્ય પોતે એકલાએજ કર્યું હોય તેવી રીતે જવાબદાર ગણાશે.

iv. તે પ્રત્યેક વ્યક્તિ ગુનામાં પોતાના ભજવેલા ભાગ ને આધીન જવાબદાર ગણાશે.

ઉપરોક્ત માંથી તમારો જવાબ નિચેના વિકલ્પો પૈકી શોધો.

વિકલ્પો :

(A) માત્ર i સાચું છે

(B) માત્ર ii સાચું છે

(C) માત્ર iii સાચું છે

(D) માત્ર iv સાચું છે

**33.** The maxim 'de minimus non curat lex' means

(A) Law would not take action in serious matters

(B) The motive to commit the crime

(C) The law does not ignore any act which causes the slightest harm

(D) Law would not take action on small and trifling matter

**34.** Match the List – I with List – II and choose your correct answer by using the codes given below :

| List – I | List – II |
|---|---|
| a. Doli Incapax | 1. A form of lunacy in which the function of the mind is temporarily suspended |
| b. Dementia offectatia | 2. Necessity knows no law |
| c. Ignorantia facit doth excusat | 3. A child below the age of seven years |
| d. Quod necessitas non habet leegem | 4. Ignorance of fact excuses |

**Codes :**

(A) a – 2, b – 3, c – 1, d – 4

(B) a – 1, b – 2, c – 3, d – 4

(C) a – 3, b – 1, c – 4, d – 2

(D) a – 4, b – 2, c – 3, d – 1

**33.** સૂત્ર 'ડે મીનીમીસ નોન ક્યુરેટ લેક્ષ' નો અર્થ શું થશે ?

(A) કાયદો ગંભીર બાબતોમાં પગલાં લેશે નહિ

(B) ગુનો કરવા અંગેનો ઈરાદો

(C) કાયદો એવા કોઈ પણ કૃત્યને અવગણશે નહિ જેનાથી જરાક પણ હાનિ થયેલ હોય

(D) કાયદો ક્ષુલ્લક બાબતોને ધ્યાનમાં લેતો નથી

**34.** યાદી I ને યાદી II સાથે જોડો અને તમારો સાચો જવાબ નીચે દર્શાવેલ કોડ પરથી પસંદ કરો.

| યાદી - I | યાદી-II |
|---|---|
| a. ડોલી ઇનકેપેક્ષ | 1. ઉન્માદનું એવું સ્વરૂપ કે જેમાં મગજનું કાર્ય કામચલાઉ સમય માટે સ્થગિત થાય છે |
| b. ડેમેન્સિયા ઓફેક્ટેશિયા | 2. જરૂરિયાત કાયદાને ધ્યાનમાં લેતી નથી |
| c. ઇગ્નોરેશિયા ફેસિટ ડોથ એક્સ્યુસેટ | 3. સાત વર્ષથી નીચેની ઉંમર ધરાવનાર બાળક |
| d. ક્વોડ નેસેસિટાસ નોન હેબેટ લીગમ | 4. હકીકતનું અજ્ઞાન બચાવ છે |

વિકલ્પો :

(A) a – 2, b – 3, c – 1, d – 4

(B) a – 1, b – 2, c – 3, d – 4

(C) a – 3, b – 1, c – 4, d – 2

(D) a – 4, b – 2, c – 3, d – 1

Prepp
Your Personal Exams Guide

**35.** Which of the following is/are true so far as 'unlawful assembly' is concerned ? Choose your correct answer using the codes given below :

i. There must be an assembly of five persons.
ii. The assembly must have a common object.
iii. The common object must be to commit one of the five illegal objects specified in Section 141 IPC.

**Codes :**

(A) Only i and ii are correct
(B) Only ii and iii are correct
(C) Only iii is correct
(D) i, ii and iii are correct

**36.** In which of the following cases constitutional validity of Section 497, Indian Penal Code was challenged ?

(A) Yusuf Aziz Vs. State of Bombay
(B) Sowmithri Vishnu Vs. Union of India
(C) Joseph Shine Vs. Union of India
(D) V. Revathi Vs. Union of India

**35.** ગેરકાયદેસર મંડળીનો સંબંધ હોય ત્યાં સુધી નીચે દર્શાવેલ વિકલ્પો પૈકી કયો વિકલ્પ સાચો છે ? તમારો સાચો જવાબ નિચેના કોડ/વિકલ્પોમાંથી પસંદ કરો.

i. પાંચ વ્યક્તિઓની મંડળી હોવી જોઈએ.
ii. મંડળીનો એક સામાન્ય ઉદેશ હોવો જોઈએ
iii. સામાન્ય ઉદેશ ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૪૧ માં દર્શાવેલ પાંચ ગેરકાયદેસર ઉદેશોમાંનો કોઈ પણ એક ઉદેશ પાર પાડવાનો હોવો જોઈએ.

વિકલ્પો :

(A) માત્ર i અને ii સાચા છે
(B) માત્ર ii અને iii સાચા છે
(C) માત્ર iii સાચું છે
(D) i, ii અને iii સાચાં છે

**36.** નીચે દર્શાવ્યા પૈકીના કયા કેસમાં ભારતીય ફોજદારી ધારાની કલમ 497 ની બંધારણીય સંવૈધાનિકતાને પડકારવામાં આવેલી ?

(A) યુસુફ અઝીસ વિરુદ્ધ મુંબઈ રાજ્ય
(B) સૌમિત્રિ વિષ્ણુ વિરુદ્ધ ભારત સરકાર
(C) જોસેફ શાઈન વિરુદ્ધ ભારત સરકાર
(D) વી. રેવતી વિરુદ્ધ ભારત સરકાર

Prepp
Your Personal Exams Guide

**37.** Read the Assertion (A) and Reason (R) and choose your answer using the codes given below :

**Assertion (A)** : The right of private defence does not depend upon the actual criminality of the aggressor but on the wrongful character of the act attempted.

**Reason (R)** : Even if an act is treated as offence, the right of private defence arises against the author despite his personal incapacity.

**Codes :**

(A) (A) is the law on an unlawful act while (R) is the result without mens rea

(B) (A) is correct principle because (R) is right reason

(C) (A) is untenable under law while (R) is justifiable cause

(D) (A) is true while (R) is false

**37.** નીચે આપેલ નિશ્ચયાત્મક વિધાનો (A) અને તેનું કારણ (R) વાંચો અને તમારો સાચો જવાબ નીચે આપેલાં વિકલ્પોમાંથી પસંદ કરો.

નિશ્ચયાત્મક વિધાન (A): ખાનગી બચાવનો અધિકાર હૂમલાખોરની ખરેખરી ગુનાહિતતા પર આધારિત નથી પરંતુ જે કૃત્યનો પ્રયત્ન કરવામાં આવેલ છે તે કૃત્યના ગેરકાયદેસર ચરિત્ર પર આધારિત છે.

કારણ (R): કૃત્યને ગુનો તરીકે ગણવામાં આવે તેમ છતાં ખાનગી બચાવનો અધિકાર ગુનોકરનાર વિરુદ્ધ ઉત્પન્ન થાય છે, પછી ભલે તે વ્યક્તિગત રીતે અસમર્થ હોય.

વિકલ્પો :

(A) 'A' એ ગેરકાયદેસર કૃત્યનો કાયદો છે જ્યારે 'R' એ ગુનાહિત માનસ સિવાયનું પરિણામ છે

(B) 'A' સાચો સિદ્ધાંત છે કરણકે 'R' એ સાચું કારણ છે

(C) 'A' કાયદામુજબ અસમર્થ છે જ્યારે 'R' વાજબી કરણ છે

(D) 'A' સાચું છે કારણકે 'R' ખોટું છે

Prepp
Your Personal Exams Guide

**38.** In which case, the Supreme Court deemed it appropriate for National Legal Services Authority (NALSA) to set up a committee to prepare Model Rules for victim compensation for sexual offences and acid attacks ?

(A) Nipun Saxena Vs. Union of India

(B) Bodhisattwa Gautam Vs. Shubhra Chakraborty

(C) Kavan Vs. State NCT of Delhi

(D) Rattan Singh Vs. State of Punjab

**39.** According to 'Deterrent Theory' of punishment

(A) Object of punishment is to reform the criminals and it can be accomplished by instilling in them a fear of repeatation of the punishment

(B) Object of punishment is not only to prevent the wrong – doer from doing a wrong second time but also to make him an example to others

(C) Object of punishment is prevention and disablement

(D) The person wronged was allowed to have a revenge against the wrong-doer

**38.** નીચેના પૈકી કયા કેસમાં સર્વોચ્ચ અદાલતને રાષ્ટ્રીય કાનૂની સહાય સત્તામંડળ દ્વારા જાતિય ગુના અને એસિડ હૂમલાના ભોગ બનનાર માટે વળતર ચૂકવણી અંગે આદર્શ નિયમો બનાવવાની સમિતિનું ગઠન થવું યોગ્ય માનવામાં આવ્યું ?

(A) નિપુન સક્સેના વિરુદ્ધ ભારત સરકાર

(B) બોધિસત્વ ગૌતમ વિરુદ્ધ સુભ્રા ચક્રવર્તી

(C) કવન વિરુદ્ધ એન. સી. ટી. ઓફ દિલ્હી રાજ્ય

(D) રતન સિંહ વિરુદ્ધ પંજાબ રાજ્ય

**39.** સજાના 'અવરોધક / પ્રતિબંધક' સિદ્ધાંત અનુસાર,

(A) સજાનો હેતુ ગુનેગારોમાં સુધારો લાવવાનો છે અને તે તેઓમાં સજાનું પુનરાવર્તન થવાના ડર દ્વારા પૂર્ણ કરી શકાય છે

(B) સજાનો હેતુ માત્ર ખોટું કૃત્ય કરનારને બીજીવાર તે કૃત્ય કરતા અટકાવવાનોજ નહી પરંતુ તેનું બીજાઓ માટે ઉદાહરણ સ્થાપિત કરવાનું પણ છે

(C) સજાનો હેતુ તેનું નિવારણ અને અસમર્થતા છે

(D) જેની સાથે ખરાબ કૃત્ય થયું છે તે વ્યક્તિને ખોટું કૃત્ય કરનાર સામે બદલો લેવા પરવાનગી આપવાનો

**40.** Match the following case laws with the subject matter and choose your answer using the codes given below :

| **Case Laws** | **Subject matter** |
|---|---|
| a. K.M. Nanavati Vs. State of Maharashtra | 1. Section 302 IPC was challenged as violative of Article 14, 19 and 21 of the Constitution |
| b. Jagmohan Singh Vs. State of U.P. | 2. Distinction between culpable homicide and murder |
| c. Machhi Singh Vs. State of Punjab | 3. Extensive discussion on law relating to provocation in India |
| d. Reg. Vs. Govinda | 4. 'Rarest of the rare cases' expanded further |

**Codes :**

(A) a – 1, b – 3, c – 2, d – 4

(B) a – 3, b – 1, c – 4, d – 2

(C) a – 4, b – 2, c – 3, d – 1

(D) a – 3, b – 4, c – 1, d – 2

**40.** નીચે આપેલા કેસોને તેના વિષયવસ્તુના આધારે યાદી સાથે જોડો અને તમારો જવાબ વિકલ્પોમાંથી શોધો.

| કેસ | વિષયવસ્તુ |
|---|---|
| a. કે. એમ. નાણાવટી વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય | 1. ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૦૨ ને બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૯, અને ૨૧ નો ભંગ કરતી હોવાના કારણોસર પડકારવામાં આવી |
| b. જગમોહન સિંહ વિરુદ્ધ ઉત્તરપ્રદેશ રાજ્ય | 2. આપરાધ મનુષ્યવધ અને ખૂન વચ્ચેનો તફાવત |
| c. મચ્છીસિંહ વિરુદ્ધ પંજાબ રાજ્ય | 3. ભારતમાં ઉશ્કેરણીના કાયદા અંગે વિસ્તૃત ચર્ચા |
| d. રેગ વિરુદ્ધ ગોવિંદા | 4. 'અત્યંત દુર્લભ કેસ' ની વધારે વિસ્તૃત ચર્ચા |

વિકલ્પો :

(A) a – 1, b – 3, c – 2, d – 4

(B) a – 3, b – 1, c – 4, d – 2

(C) a – 4, b – 2, c – 3, d – 1

(D) a – 3, b – 4, c – 1, d – 2

Prepp Your Personal Exam Guide

Prepp
Your Personal Exams Guide

**41.** A music teacher committing sexual intercourse with a minor girl having obtained her consent for the same on the pretext of that the same is required to improve her voice, was held guilty of rape in

(A) Shyam Sundar Vs. State of Rajasthan

(B) Gopalia Vs. Kallaiya

(C) R. Vs. Clarence

(D) R. Vs. Williams

**42.** The tort of trespass to goods takes place when

(A) There has been actual taking of the goods of another person

(B) There is direct and immediate damage to another person's goods

(C) In either of the circumstances mentioned at (A) and (B) above

(D) None of the above

**43.** In case of 'In juria sine damnum'

(A) Loss suffered by the plaintiff is relevant for the purpose of a cause of action

(B) Loss suffered by the plaintiff is not relevant for the purpose of a cause of action

(C) Damage which is not coupled with an unauthorised interference with the plaintiffs lawful right

(D) None of the above

**41.** સગીર 'બાળા' નો અવાજ સુધારવા માટે જરૂરી છે તેવા બહાના હેઠળ તે 'બાળા' સાથે તેની સંમતિ મેળવી જાતિય સંભોગ કરનાર સંગીતનો શિક્ષક કયા કેસમાં બળાત્કાર માટે ગુનેગાર ઠેરવવામાં આવેલ ?

(A) શ્યામ સુંદર વિરુદ્ધ રાજસ્થાન સરકાર

(B) ગોપાલીયા વિરુદ્ધ કલૈયા

(C) આર વિરુદ્ધ ક્લેરન્સ

(D) આર વિરુદ્ધ વિલિયમ્સ

**42.** જંગમ મિલકત પરત્વે અનધિકૃત પ્રવેશનું અપકૃત્ય ત્યારે પરિણામે છે જયારે______

(A) અન્ય વ્યક્તિનો માલ/મિલકત સાચેજ કબજામાં લેવામાં આવેલ હોય

(B) અન્ય વ્યક્તિના માલ/મિલકતને પ્રત્યક્ષ અને તાત્કાલિક જોખમ ઉત્પન્ન થયેલ હોય

(C) ઉપર જણાવેલ (A) અથવા (B) બંનેમાંથી કોઈપણ પરિસ્થિતિ ઉત્પન્ન થયેલ હોય ત્યારે

(D) ઉપરમાંથી કોઈપણ નહિ

**43.** નૂકશાન વગરના અપકૃત્યના સંજોગોમાં

(A) કાર્યવાહિના હેતુ માટે વાદીને નૂકશાન થયેલ હોવું આવશ્યક છે

(B) કાર્યવાહિના હેતુ માટે વાદીને નૂકશાન થયેલું હોવું આવશ્યક નથી

(C) વાદીના કાયદેસરના અધિકાર સાથે બિનઅધિકૃત રીતે વિક્ષેપ કરતું ન હોય તેવું નૂકશાન

(D) ઉપરમાંથી કોઈજ નહિ

Prepp Your Personal Exam Guide

**44.** Mark the statement which is not correct.

(A) Master is liable for servant's tort even when he has temporarily lent such servant to another person

(B) Principal is liable for the acts of his agent, if such act was committed in the course of his employment

(C) For the acts of independent contraction, his employer is not liable to the strangers

(D) Guardians are not personally liable for the tort committed by their minor wards

**45. Assertion (A)** : There are situations when a person may be liable for some harm even though he is not negligent in causing the same.

**Reason (R)** : Because when the plaintiff has consented to the accumulation of the dangerous things on the defendant's land, the liability under the 'Strict Liability Rule' does not arise.

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true and (R) is not the correct explanation of (A)

(C) (A) is true but (R) is false

(D) (A) is false but (R) is true

**44.** નીચે દર્શાવ્યા પૈકી જે વિધાન સાચું ન હોય તેને ઓળખો

(A) માલિક સેવકના અપકૃત્ય માટે જવાબદાર ગણાશે પછી ભલે તેને આવા સેવકને કામચલાઉ ધોરણે અન્ય વ્યક્તિને સોંપેલ હોય

(B) જો એજન્ટના કૃત્યો પોતાની ફરજના ભાગરૂપે કરવામાં આવેલ હોય તો પ્રિન્સીપાલ એજન્ટના આવા કૃત્યો માટે જવાબદાર ગણાશે

(C) સ્વતંત્ર કોન્ટ્રક્ટરના કૃત્યો માટે તેનો માલિક ત્રાહિત પક્ષકારોને જવાબદાર ગણાશે નહિ

(D) સગીર પાલ્ય દ્વારા કરવામાં આવતાં અપકૃત્યો માટે તેઓનાં વાલીઓ વ્યક્તિગત રીતે જવાબદાર ગણાશે નહિ

**45.** નિશ્ચયાત્મકવિધાન (A) : એવી પરિસ્થિતિઓ ઉત્પન્ન થઇ શકે કે જેમાં વ્યક્તિ કોઈ હાનિ માટે જવાબદાર ગણાય પછી ભલે તે વ્યક્તિ કૃત્ય કરવામાં બેદરકાર ના હોય.

કારણ (R) : વાડીએ પ્રતિવાદીની જમીન ઉપર ભયજનક વસ્તુઓ એકત્રિત કરવા માટે સંમતિ આપેલી હોવાના કારણે 'ચુસ્ત જવાબદારી' ના સિદ્ધાંત હેઠળ જવાબદારી ઉત્પન્ન થતી નથી.

(A) બંને (A) અને (R) સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજૂતિ છે

(B) બંને (A) અને (R) સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજૂતિ નથી

(C) (A) સાચું છે અને (R) ખોટું છે

(D) (A) ખોટું છે અને (R) સાચું છે

**46. Assertion (A)** : Under the 'Crowns' Proceedings Act, 1947 (England) king was not liable for any wrong committed by the State.

**Reason (R)** : There is no statutory provision mentioning the liability of the crown or of State in India.

(A) (A) is true but (R) is false

(B) (A) is false but (R) is true

(C) (A) and (R) both are false

(D) (A) and (R) both are true and (R) is the correct explanation of (A)

**47.** All motor vehicles to be used in public places need to be insured against third party risks. Which of the following statement match to the above statement ?

(A) The insurer is liable to indemnity the person or class of persons specified in the policy

(B) The insurer is liable to indemnity the person or class of persons even though their names are not specified in the policy

(C) The insurer is liable to indemnity the person or class of persons even though the use of the vehicle in private place

(D) Both (A) and (B)

**46.** નિશ્ચયાત્મક વિધાન (A) :
કાઉન્સ પ્રોસીડીંગ એક્ટ ૧૯૪૭ (ઇંગ્લેન્ડ) મુજબ રાજ્ય દ્વારા આચરવામાં આવેલ ખોટાં કૃત્ય માટે રાજા જવાબદાર ન હતો.
કારણ (R) :
ભારતમાં રાજા અથવા રાજ્યની જવાબદારી નક્કી કરતી કોઈ કાનૂની જોગવાઈ અસ્તિત્વમાં નથી.

(A) (A) સાચું છે પરંતુ (R) ખોટું છે

(B) (A) ખોટું છે પરંતુ (R) સાચું છે

(C) (A) અને (R) બંને ખોટાં છે

(D) (A) અને (R) બંને સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજૂતિ છે

**47.** જાહેર સ્થાનો પર વપરાશમાં લેવામાં આવનાર તમામ યાંત્રિક વાહનો ને ત્રાહિત પક્ષકારોના જોખમ સામે વીમો કરાયેલો હોવો આવશ્યક છે.
ઉપરોક્ત વિધાન સાથે નીચે દર્શાવ્યા પૈકીનું કયું વિધાન જોડાય છે ?

(A) વીમા કંપની પોલીસીમાં દર્શાવેલ વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહને ક્ષતિપૂર્તિ આપવા જવાબદાર ગણાશે

(B) વીમા કંપની પોલિસીમાં વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહના નામો સ્પષ્ટ કરેલ ના હોવા છતાં તેઓને ક્ષતિપૂર્તિ આપવા જવાબદાર ગણાશે

(C) વીમા કંપની વાહનનો ઉપયોગ ખાનગી જગ્યામાં થયેલો હોવા છતાં વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહને ક્ષતિપૂર્તિ આપવા જવાબદાર ગણાશે

(D) (A) અને (B) બંને

prepp Your Personal Exam Guide

Prepp
Your Personal Exams Guide

**48.** The pecuniary jurisdiction of a 'District Commission' under Consumer Protection Act, 2019 is

i. Rupee one to Fifty Lakhs Rupees

ii. Twenty-five Lakh Rupees to One Crore Rupees

iii. One Naipaisa to One Crore Rupees

iv. One Crore Rupees to Ten Crore Rupees

**Codes :**

(A) i only

(B) i and ii only

(C) iii only

(D) i, ii and iii only

**49.** According to the Provisions of the Competition Act, 2002, which of the following agreement includes any agreement restricting in any manner the purchaser in the course of his trade from acquiring or otherwise dealing in any goods other than those of the seller or any other person ?

(A) Tie-in agreement

(B) Exclusive supply agreement

(C) Exclusive distribution agreement

(D) Price fixing agreement

**48.** ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૨૦૧૯ હેઠળ 'જીલ્લા ફોરમ' નાણાકીય હકૂમત _________ છે.

i. રૂ. એક થી પચાસ લાખ સુધી

ii. રૂપિયા પચીસ લાખથી રૂપિયા એક કરોડ સુધી

iii. એક પૈસાથી એક કરોડ રૂપિયા સુધી

iv. એક કરોડ રૂપિયાથી દસ કરોડ રૂપિયા સુધી

વિકલ્પો :

(A) માત્ર i

(B) i અને ii માત્ર

(C) માત્ર iii

(D) i, ii અને iii માત્ર

**49.** સ્પર્ધા અધિનિયમ ૨૦૦૨ ની જોગવાઈઓ અનુસાર નીચેના પૈકી ક્યા કરારમાં ખરીદનારને પોતાની વેપારી પ્રવૃત્તિ દરમિયાન વેચાણ કરનાર સિવાય અન્ય કોઈના માલસામાનને પ્રાપ્ત કરવા અથવા અન્ય રીતે તે સાથે વ્યવહાર કરવા અંગે કોઈપણ રીતે અટકાવવાના કરારનો સમાવેશ થાય છે ?

(A) સંકલિત વેચાણ (ટાઈ –ઇન) કરાર

(B) વિશિષ્ઠ પુરવઠા કરાર

(C) વિશિષ્ઠ વિતરણ કરાર

(D) ભાવ નિર્ધારણ કરાર

**50.** Adit purchased a photocopying machine and started using the machine for commercial purpose and the money which he earned, he used for self employment.

(A) Adit is a 'consumer' under the Consumer Protection Act, 2019

(B) Adit is not a 'Consumer' under the Consumer Protection Act, 2019

(C) Adit is a 'Consumer' only under special circumstances under the Consumer Protection Act, 2019

(D) None of the above

**51.** An agreement to sell goods worth Ten Crore Rupees

(A) may be oral

(B) may be in writing

(C) must be in writing and registered under the law

(D) none of the above

**52.** The 'Law of contracts' deals with

(A) Right in Rem

(B) Right in Personam

(C) Rights in Repropria

(D) None of the above

**50.** આદિતે નકલ કરવાનું યંત્ર ખરીદ્યું અને તેનો ઉપયોગ ધંધાદારી હેતુ માટે કરવાનું શરૂ કર્યું અને તેમાંથી મળતા નાણાંનો ઉપયોગ સ્વનિર્ભર કાર્ય માટે કર્યો.

(A) આદિતે ગ્રાહક સુરક્ષા ધારા ૨૦૧૯ હેઠળ ગ્રાહક ગણાશે

(B) આદીત ગ્રાહક સુરક્ષા ધારા ૨૦૧૯ હેઠળ ગ્રાહક ગણાશે નહિ

(C) આદીત ગ્રાહક સુરક્ષા ધારા ૨૦૧૯ હેઠળ વિશિષ્ઠ સંજોગો મુજબ ગ્રાહક ગણાશે

(D) ઉપરમાંથી કોઈ નહિ

**51.** રૂપિયા દસ કરોડની કિંમતનો માલ વેચવાનો કરાર

(A) મૌખિક હોઈ શકે

(B) લેખિતમાં હોઈ શકે

(C) ફરજીયાત રીતે લેખિતમાં અને કાયદામુજબ નોંધાયેલો હોવો જોઈએ

(D) ઉપરમાંથી કોઈજ નહિ

**52.** કરારનો કાયદો કઈ બાબત સાથે સંબંધિત છે

(A) સર્વલક્ષી અધિકાર

(B) વ્યક્તિલક્ષી અધિકાર

(C) ઉપભોગ લક્ષી અધિકાર

(D) ઉપરમાંથી કોઈ નહિ

Prepp
Your Personal Exams Guide

**53.** When a minor acts as an agent on behalf of the principal then such agreement is

(A) Void

(B) Void ab initio

(C) Valid

(D) Voidable

**53.** જ્યારે કોઈ સગીર, પ્રિન્સીપાલના એજન્ટ તરીકે કાર્ય કરે ત્યારે આવો કરાર ______ ગણાય.

(A) રદબાતલ

(B) શરૂઆત થીજ રદબાતલ

(C) યોગ્ય

(D) રદબાતલ ઠરાવી શકાય તેવો

**54.** When the supplier supplies necessaries to a minor, the supplier can

(A) Claim the reasonable price from the parents of the minor

(B) Claim the reasonable price from the minor personally

(C) Claim the reasonable price from the estate to the minor

(D) Cannot claim from any one

**54.** જ્યારે કોઈ વ્યક્તિ સગીરને જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડે તો તેવો વસ્તુઓ પૂરી પાડનાર વ્યક્તિ

(A) આવા સગીરના માતા-પિતા પાસેથી વ્યાજબી રકમ/કિંમત પ્રાપ્ત કરી શકે

(B) સગીર પાસેથી વ્યક્તિગત રીતે વ્યાજબી રકમ/કિંમત પ્રાપ્ત કરી શકે

(C) સગીરની મિલકતમાંથી વ્યાજબી રકમ/કિંમત વસુલ કરી શકે

(D) કોઈપણ વ્યક્તિ પાસેથી કોઈજ રકમ વસુલ કરી ન શકે

**55.** A 'Contract to Guarantee'

(A) May be oral

(B) May be in writing

(C) May be implied

(D) All of the above

**55.** જામીનગીરી/બાહેંધરીનો કરાર

(A) મૌખિક હોઈ શકે

(B) લેખિતમાં હોઈ શકે

(C) ગર્ભિત હોઈ શકે

(D) ઉપરોક્ત તમામ

Prepp
Your Personal Exams Guide

**56.** Whenever a Public Co., Ltd. proposes to issue securities to general public by issuing a prospectus, it must issue securities in

(A) paper document form

(B) dematerialised form

(C) by way of oral allotment

(D) none of the above

**57.** Match the List – I with List – II and indicate the correct answer using the codes given below :

| **List – I** | **List – II** |
|---|---|
| a. Dunlop Pneumatic Tyre Co., Vs. Selfridge and Co. | i. General offer |
| b. Khwaja Muhommad Vs. Hussaini Begum | ii. Coercion |
| c. Carlill Vs. Carbolic Smoke Ball Co. | iii. Stranger to contract cannot sue |
| d. Avni Raju Vs. Seshamma | iv. Change created on a specific immovable property |

**Codes :**

(A) a – i, b – ii, c – iii, d – iv

(B) a – ii, b – iii, c – iv, d – i

(C) a – iii, b – iv, c – i, d – ii

(D) a – iv, b – iii, c – ii, d – i

**56.** જ્યારે પણ કોઈ જાહેર કંપની જાહેર જનતાને જામિનગીરીઓને વિજ્ઞાપનપત્ર દ્વારા વિતરણ કરવાની ઈચ્છા ધરાવતી હોય ત્યારે તેને આવી જામિનગીરીઓને ——— રીતે જારી કરવી પડશે

(A) કાગળના દસ્તાવેજ સ્વરૂપમાં

(B) બિન ભૌતિક સ્વરૂપમાં

(C) મૌખિક ફાળવણીનાં સ્વરૂપમાં

(D) ઉપરોક્તમાંથી કોઈજ નહિ

**57.** યાદી -૧ ને યાદી-૨ સાથે મેળવો અને નીચે આપેલા વિકલ્પોના આધારે સાચો જવાબ આપો

| **યાદી – ૧** | **યાદી-૨** |
|---|---|
| a. ડનલોપ ન્યુમેટિક ટાયર કંપની લિમિટેડ વિરુદ્ધ સેલ્ફ્રીજ કંપની લિમિટેડ | i. સામાન્ય દરખાસ્ત |
| b. ખ્વાજા મહંમદ વિરુદ્ધ હુસૈની બેગમ | ii. બળજબરી |
| c. કર્લીલ વિરુદ્ધ કાર્બોલિક સ્મોક્બોલ કંપની | iii. કરારમાં અજાણ્યો પક્ષકાર દાવો ન કરી શકે |
| d. અમી રજુ વિરુદ્ધ શેશમ્મા | iv. ચોક્કસ સ્થાવર મિલકત પર ઉભો કરેલ બોજો |

વિકલ્પો :

(A) a – i, b – ii, c – iii, d – iv

(B) a – ii, b – iii, c – iv, d – i

(C) a – iii, b – iv, c – i, d – ii

(D) a – iv, b – iii, c – ii, d – i

**58. Assertion (A)** : An agreement to do an act impossible in itself void.

**Reason (R)** : Law compels people to do impossible things.

(A) (A) is true and (R) is also true

(B) (A) is false but (R) is true

(C) (A) is true but (R) is false but (R) is not the correct explanation of (A)

(D) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

**59.** Which of the following comes under 'certain relations resembling those created by a contract' ?

i. Benefit of non gratuitous act

ii. Payment made by an interested person

iii. Payment made by friend

iv. Payments made to the unauthorised agent

**Codes :**

(A) ii and iii only

(B) iii and iv only

(C) i and ii only

(D) i and iii only

**58.** નિશ્ચયાત્મક વિધાન 'A'
અશક્ય કાર્ય કરવાની સમજૂતિ સ્વયં રદબાતલ છે.
કારણ –'R'
કાયદો વ્યક્તિઓને અશક્ય કર્યો કરવાની ફરજ પાડે છે.

(A) 'A' સાચું છે અને 'R' પણ સાચું છે

(B) 'A' ખોટું છે અને 'R' સાચું છે

(C) 'A' સાચું છે પરંતુ 'R' ખોટું છે પરંતુ 'R' એ 'A' ની સાચી સમજૂતિ નથી

(D) બંને 'A' અને 'R' સાચાં છે અને 'R' એ 'A' ની સાચી સમજૂતિ છે

**59.** નીચે દર્શાવ્યા પૈકી ક્યાં વ્યવહારો 'કરાર દ્વારા ઉત્પન્ન થયેલા સંબંધો' ને મળતા આવે છે ?

i. વિનામૂલ્યે નહિ તે પ્રકારે કરેલ કાર્ય બદલ વળતર

ii. હિત ધરાવનાર વ્યક્તિ દ્વારા કરવામાં આવતી ચૂકવણી

iii. મિત્ર દ્વારા કરવામાં આવતી ચુકવણી

iv. બિન અધિકૃત એજન્ટ દ્વારા કરવામાં આવતી ચૂકવણી

વિકલ્પો :

(A) માત્ર ii અને iii

(B) માત્ર iii અને iv

(C) માત્ર i અને ii

(D) માત્ર i અને iii

60. Which of the following combinations are correctly matched ?

i. Implied contract – Quasi contract
ii. Stranger to consideration – Can sue
iii. Agreements opposed to public policy – Voidable at the option of one party
iv. Claim for necessaries supplied to a minor – Section 68 of the Indian Contract Act, 1872

**Codes :**

(A) iv, iii and i only
(B) iii, ii and iv only
(C) i and iv only
(D) ii and iii only

61. Match the List – I with List – II and select the correct answer using the codes given below :

| List – I | List – II |
|---|---|
| 1. Khul | a. Void marriages |
| 2. Mubaraat | b. Put-off by husband |
| 3. Express divorce | c. By mutual consent |
| 4. Batil marriage | d. Talak-i-Sunna |

**Codes :**

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d
(B) 1 – b, 2 – c, 3 – d, 4 – a
(C) 1 – c, 2 – d, 3 – a, 4 – b
(D) 1 – b, 2 – a, 3 – c, 4 – d

60. નીચે દર્શાવ્યા પૈકીના કયા સંયોજનો સાચી રીતે મળે છે ?

i. ગર્ભિત કરાર – અર્ધ / આભાસી કરાર
ii. અવેજનો ત્રાહિત / અજાણ્યો પક્ષકાર – દાવો કરી શકે
iii. જાહેર નીતિ વિરુદ્ધના કરાર –એક પક્ષની ઈચ્છાથી રદબાતલ કરાવી શકાય તેવા કરાર
iv. સગીરને પૂરી પાડેલી જરૂરિયાતો-ભારતીય કરાર ધારા 1872 ની કલમ 68

વિકલ્પો :

(A) માત્ર iv, iii અને i
(B) માત્ર iii,ii અને iv
(C) માત્ર i અને iv
(D) માત્ર ii અને iii

61. યાદી -૧ ને યાદી-૨ સાથે જોડો અને નીચે આપેલા વિકલ્પો માંથી સાચો વિકલ્પ પસંદ કરો.

| યાદી - ૧ | યાદી-૨ |
|---|---|
| 1. ખુલા | a. રદબાતલ લગ્ન |
| 2. મુબારત | b. પતિદ્વારા રદ કરી શકાય |
| 3. વ્યક્ત છૂટાછેડા | c. પરસ્પરની સંમતિ દ્વારા શકે |
| 4. બતિલ લગ્ન | d. તલાક – એ- સુન્ના |

વિકલ્પો :

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d
(B) 1 – b, 2 – c, 3 – d, 4 – a
(C) 1 – c, 2 – d, 3 – a, 4 – b
(D) 1 – b, 2 – a, 3 – c, 4 – d

62. Give the correct answer with the help of the codes given below :

Consideration by a Court for passing order for custody of children is

a. Welfare of the child

b. Wishes of the parents

c. Wishes of the child

d. Age and sex of the child

**Codes :**

(A) d, b, a and c (B) a, b

(C) c, d (D) a, d

62. નીચે દર્શાવેલા વિકલ્પોના આધારે સાચો જવાબ આપો: અદાલત દ્વારા બાળકની સોંપણી અંગે હુકમ કરવા માટેનો આધાર

a. બાળકનું કલ્યાણ હોય

b. માતા – પિતાની ઈચ્છા હોય

c. બાળકની ઈચ્છા હોય

d. બાળકની ઉમર અને જાતી હોય

વિકલ્પો:

(A) d, b, a અને c (B) a, b

(C) c, d (D) a, d

63. Read the Assertion (A) and Reason (R) and give correct answer with the help of the codes given below :

**Assertion (A)** : The acknowledgement of paternity under Muslim law is in the nature of declaration by father that a child is his legitimate off spring.

**Reason (R)** : It is not a process of legitimation of an illegitimate child.

**Codes :**

(A) Both (A) and (R) are true but (R) is not the correct explanation of (A)

(B) (A) is right but (R) is wrong

(C) (A) is wrong but (R) is right

(D) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

63. નિશ્ચયાત્મક વિધાન (A) અને કારણ R વાંચો અને નીચેના વિકલ્પોના આધારે સાચાં જવાબો આપો:

નિશ્ચયાત્મક વિધાન (A)

પિતા દ્વારા કરાતી એ બાબતની જાહેરાત કે બાળક તેનું કાયદેસરનું સંતાન છે એ મુસ્લિમ કાયદા હેઠળ પિતૃત્વનો સ્વીકાર ગણાય

કારણ- (R)

તે અનૌરસ બાળકની ઔરસતા ની પ્રક્રિયા નથી.

વિકલ્પો :

(A) બંને (A) અને (R) સાચાં છે પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતિ નથી

(B) (A) સાચું છે પરંતુ (R) ખોટું છે

(C) (A) ખોટું છે પરંતુ (R) સાચું છે

(D) બંને (A) અને (R) સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજૂતિ છે

Prepp
Your Personal Exams Guide

**64.** Which of the following are the objects of Koran with reference to the bequeath of his property and answer the following using the codes given below :

i. A Muslim is not allowed to bequeath more than one third of his property.
ii. He is not allowed to bequeath any thing to his heirs.
iii. He is allowed to bequeath one third with a view to fulfilling his duty in respect of those who have served him and who get nothing.
iv. Both these limitations (ii) and (iii) cannot be made nugatory, even if the heirs consent to the disposition made.

**Codes :**

(A) Only i and ii are correct
(B) Only iii and iv are correct
(C) Only i, ii and iii are correct
(D) i, ii, iii and iv are correct

**65.** Under Muslim Law a will may be

(A) Oral or in writing
(B) Must be in writing only
(C) Must be in writing and must be registered under the law
(D) None of the above

**66.** Which Article of Indian Constitution lays down that the State shall endeavour to secure a uniform civil code for the citizens throughout ?

(A) Article 50 (B) Article 43
(C) Article 44 (D) Article 48

**64.** નીચે દર્શાવ્યા પૈકીના ક્યા કુરાનના મિલકતના વારસા અંગેના ઉદ્દેશો છે ? નીચેના વિકલ્પોના આધારે જવાબ આપો.

i. મુસ્લિમ વ્યક્તિ પોતાની એક તૃતીયાંશ કરતા વધારે મિલ્કત વરસમાં આપવા હકદાર નથી.
ii. તે પોતાના વારસોને કોઈજ વસ્તુ વારસદાર તરીકે આપવા હકદાર નથી.
iii. તે જેને તેની સેવા કરી હોય અને કોઈજ વસ્તુ પ્રાપ્ત ન થઇ હોય તેઓ પરત્વે પોતાની ફરજના ભાગરૂપે તે પોતાના એક તૃતીયાંશ સંપતિ વારસામાં આપવા હકદાર છે.
iv. વારસદારો સંમતિ આપે તે છતાં ઉપરોક્ત બંને (ii) અને (iii) માં દર્શાવેલ મર્યાદાઓને અવગણી શકાય નહિ.

વિકલ્પો :

(A) માત્ર i અને ii સાચાં છે
(B) માત્ર iii અને iv સાચાં છે
(C) માત્ર i, ii અને iii સાચાં છે
(D) i, ii, iii અને iv સાચા છે

**65.** મુસ્લિમ કાયદા અનુસાર વિલ યાને વસીયતનામું .....

(A) મૌખિક કે લેખિતમાં હોઈ શકે
(B) માત્ર લેખિતમાંજ હોવું જોઈએ
(C) માત્ર લેખિતમાંજ હોવું જોઈએ અને કાયદા મુજબ નોંધણી કરાવવી જરૂરી છે
(D) ઉપરમાંથી કોઈ નહિ

**66.** ભારતીય બંધારણનો કયો અનુચ્છેદ એવી જોગવાઈ ધરાવે છે કે રાજ્ય દ્વારા તમામ નાગરિકો માટે સમાન દીવાની સંહિતા જારી કરવા માટે પ્રયત્ન કરવાનો રહેશે ?

(A) અનુચ્છેદ ૫૦ (B) અનુચ્છેદ ૪૩
(C) અનુચ્છેદ ૪૪ (D) અનુચ્છેદ ૪૮

Prepp
Your Personal Exams Guide

**67.** Child marriage as a general rule

(A) Void

(B) Valid

(C) Void ab initio

(D) None of the above

**67.** સામાન્ય નિયમો અનુસાર બાળલગ્ન ...

(A) રદબાતલ છે

(B) માન્ય છે

(C) શરૂઆતથીજ રદબાતલ છે

(D) ઉપરમાંથી કોઈજ નહિ

**68.** Which of the following Case Law deals with 'Live in Relationship' ?

(A) Rajendra Kumar Vs. Indrajeet

(B) Surendra Vs. Phulwant

(C) Kushboo Vs. Kanniammal

(D) Fulkumari Vs. Budh Singh

**68.** નીચે દર્શાવ્યા પૈકી કયો કેસ લીવ ઇન રીલેશનશીપ સાથે સંબંધિત છે ?

(A) રાજેન્દ્ર કુમાર વિરુદ્ધ ઇન્દ્રજીત

(B) સુરેન્દ્ર વિરુદ્ધ ફુલવંત

(C) ખુશ્બુ વિરુદ્ધ કનૈયામલ

(D) ફુલકુમારી વિરુદ્ધ બુધસિંહ

**69.** Mithila is a subschool of

(A) Dayabhaga

(B) Benaras

(C) Mitakshara

(D) Dravid

**69.** મિથિલા એ કઈ શાખાનો ભાગ છે ?

(A) દયાબાગ

(B) બનારસ

(C) મિતાક્ષરા

(D) દ્રવિડ

**70.** The outstanding features of Wakf are that the property vests in the name of

(A) Beneficiary

(B) Legal Heirs

(C) Government

(D) God

**70.** વકફનું ઉત્કૃષ્ટ લક્ષણ એ છે કે તેમાં મિલકતોને______ ના નામે ધારણ કરવામાં આવે છે.

(A) લાભાર્થી

(B) કાયદેસરના વારસો

(C) સરકાર

(D) ભગવાન / દેવ

**71.** Match the following codes :

1. The restriction on bursting fire crackers between 10 p.m. and 6.00 a.m. during the festival of Diwali is not violative of Article 25 of the constitution.
2. The Right to Speech implies the Right to Silence.
3. Every man's home to be his castle, which cannot be invaded by toxic fumes, or tormenting sounds therefore the proceedings under Section 133 of CrPC could be initiated if such fumes or tormenting noises entered a home.
4. Vehicular pollution beyond the permissible limit violates Article 21 of the constitution, therefore the norms laid down under the Motor Vehicle Act would be overridden and the Motor Vehicle Act is in addition and not in derogation of the requirement of the Environment Protection Act, 1986.

a. Noise Pollution (5) re, AIR 2005 SC 3136
b. P.A. Jacob Vs. Supt. of Police, AIR 1993 Ker 1
c. Madhavi Vs. Thilakan, 1989 Cri LJ 199 (Ker)
d. M.C. Mehta Vs. Union of India AIR 2001 SC 1948

**Codes :**

(A) 1 – c, 2 – d, 3 – a, 4 – b
(B) 1 – d, 2 – a, 3 – b, 4 – c
(C) 1 – a, 2 – b, 3 – c, 4 – d
(D) 1 – b, 2 – c, 3 – d, 4 – a

**71.** નીચેના જોડકા જોડો.

1. દિવાળીના દિવસે રાત્રે ૧૦.૦૦ વાગ્યાથી સવારે ૬.૦૦ વાગ્યાની વચ્ચે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ છે બંધારણની અનુચ્છેદ ૨૫ મી જોગ્વૈનું ઉલ્લંઘન નથી.
2. બોલવાના અધિકારમાં મૂળ રહેવાના અધિકારનો સમાવેશ થાય છે .
3. દરેક વ્યક્તિનું ઘર પોતાનો મહેલ છે, કે જેમાં ઝેરી ધુમાડા કે કષ્ટદાયક અવાજોથી અતિક્રમણ થવું જોઈએ નહિ તેની જો આવા ધુમાડા કે કષ્ટદાયક અવાજે ઘરમાં પ્રવેશતા હોય તો ફોદાંરી કર્મરીતી સંહિતાની કલમ ૧૩૩ હેઠળ કાર્યવાહી કરી શકાય.
4. સ્થાપિત મર્યાદા કરતા વધારે પ્રમાણમાં વાહનોથી થતું પ્રદુષણ બંધારણના અનુચ્છેદ ૨૧ નો ભંગ કરે છે તેથી મોટર વ્હીકલ કાયદો હેઠળ નક્કી કરવામાં આવેલા ધોરણો પ્રત્યે દુલક્ષ્ય રેવાશે અને મોટર વ્હીકલ ધારો પર્યાવરણ સંવર્ધન કાયદા ૧૯૮૬ ની જરૂરીયાતોના વધારામાં છે એ તેનાથી ઓછા પ્રમાણમાં મહત્વ ધરાવનાર નથી.

a. નોઈસ પોલ્યુશન (5) રે. – એ. આઈ. આર. ૨૦૦૫ સુ. કો. ૩૧૩૬
b. પી. એ. જેકબ વિરુદ્ધ સુપ્રિટેન્ડટ ઓફ પોલીસ – એ. આઈ. આર. ૧૯૯૩ કેરલા ૧
c. માધવી વિરુદ્ધ તિલકન ૧૯૮૯ ક્રિમીનલ લોજ ૧૯૯(કેરલ)
d. એમ. સી. મહેતા વિરુદ્ધ ભારત સરકાર એ.આઈ.આર. ૨૦૦૧ સુ. કો. ૧૯૪૮

વિકલ્પો

(A) 1 – c, 2 – d, 3 – a, 4 – b
(B) 1 – d, 2 – a, 3 – b, 4 – c
(C) 1 – a, 2 – b, 3 – c, 4 – d
(D) 1 – b, 2 – c, 3 – d, 4 – a

**72.** In which of the following judgment the Hon'ble Supreme Court held that there is a need to evolve a National Policy to protect National interests from ultra hazardous pursuits of economic gains ?

(A) Union Carbide Corporation Vs. Union of India, AIR 1990 SC 273

(B) M.C. Mehta Vs. Union of India, AIR 1987 SC 1086

(C) Samatha Vs. State of A.P., AIR 1997 SC 3297

(D) S.K.Shukla Vs. State of UP, AIR 2006 SC 413

**73.** Which of the following statement is correct with regard to the position of India in respect of the Montreal Protocol on substances that deplete ozone layer ?

(A) India was a founding member of the protocol

(B) India acceded the protocol

(C) India did not sign the protocol so far

(D) India is merely a signitory and not have ratified the protocol

**74.** Which of the following body can take punitive action with respect to illegal release of hazardous microorganisms under the Environment Protection Act, 1986 ?

(A) Genetic Engineering Approval Committee

(B) Institutional Biosafety Committee

(C) Review Committee on Genetic Manipulation

(D) Recombinant DNA Advisory Committee

**72.** નીચે દર્શાવ્યા પૈકીના ક્યા નિર્ણયમાં માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલં કે 'આર્થિક લાભ મેળવવા માટે થતી અંગત હાનીકારક પ્રવૃતિઓથી રાષ્ટ્રીય હિતોની રક્ષા માટે રાષ્ટ્રીય નીતિની રચના કરવાની આવશ્યકતા ઉત્પન્ન થયેલી છે ?

(A) યુનિયન કાર્બાઈડ કોર્પોરેશન વિરુદ્ધ ભારત સરકાર એ.આઈ.આર. 1990 સુ. કો. 273

(B) એમ. સી. મહેતા વિરુદ્ધ ભારત સરકાર એ. આઈ. આર. 1987 સુ. કો. 1086

(C) સમતા વિરુદ્ધ આંધ્રપ્રદેશ રાજ્ય એ. આઈ. આર. 1997 સુ.કો. 3297

(D) એસ.કે. શુક્લા વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય. એ. આઈ. આર. 2006 સુ. કો. 413

**73.** ઓઝોન ના આવરણમાં ઘટાડો કરનાર તત્વો પરની મોન્ટ્રીયલ આચારસંહિતાના સંદર્ભમાં ભારતની સ્થિતિ પરત્વે નીચે દર્શાવ્યા પૈકીનું કયું વાક્ય સાચું છે ?

(A) ભારત ઉપરોક્ત આચારસંહિતાનું સ્થાપક સભ્ય છે

(B) ભારત સાદર આચારસંહિતામાં શામેલ થયેલ છે

(C) ભારત દ્વારા હજી સુધી ઉપરોક્ત આચારસંહિતા ને સ્વીકારવામાં આવેલ નથી

(D) ભારત માત્ર આચારસંહિતા પર હસ્તાક્ષર કરનાર સભ્ય છે અને તેને સ્વીકાર કરવામાં આવેલ નથી

**74.** નીચે દર્શાવ્યા પૈકીની કઈ સત્તા પર્યાવરણ સંવર્ધન કાયદા 1986 હેઠળ ગેરકાયદેસર રીતે હાનીકારક સુક્ષ્મજીવોના ભાગ કરવા બદલ દંડાત્મક કાર્યવાહી કરી શકે છે ?

(A) જીનેટીક એન્જીનીયરીંગ અપ્રુવલ કમિટિ

(B) ઇન્સ્ટીટયુશનલ બાયોસેફટી કમિટિ

(C) રીવ્યુ કમીટી ઓન જીનેટિક મેનીપ્યુલેશન

(D) રીકોમ્બીનન્ટ ડી. એન. એ. એડવાઈઝરી કમિટિ

Prepp
Your Personal Exams Guide

**75.** In the case of M.C. Mehta V. Union of India the hon'ble Supreme Court held that the directions given by the Environment Pollution (Prevention and Control) Authority constituted under Section 3 of the Environment Protection Act, 1986 are

(A) Binding only to the extent that it confirms with the Act

(B) Final and binding on all persons and organisations concerned and they are bound to follow the same

(C) Not binding where reasons are given for jurisdiction of the Act

(D) Non appealable and binding in Nature

**76.** Which of the following body was established by the General Assembly in the year 2006 for promotion and protection of human rights for substituting a 60 years old commission on human rights ?

(A) Human Rights Executive Committee

(B) Human Rights Task Force

(C) Human Rights Courts

(D) Human Rights Council

**75.** એમ. સી. મેહતા વિરુદ્ધ ભારત સરકારના કેસમાં માનવીય સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે પર્યાવરણ સંવર્ધન ધારા 1986 ની કલમ 3 હેઠળ રચવામાં આવેલ પર્યાવરણ પ્રદુષણ (નિવારણ અને અંકુશ) સત્તામંડળ દ્વારા આપવામાં આવેલ નિર્દેશો.....

(A) સદર કાયદાને સંલગ્ન હોય ત્યાં સુધીજ બંધનકર્તા છે

(B) આખરી અને તમામ વ્યક્તિઓ તેમજ સંસ્થાઓને બંધનકર્તા છે અને તેઓ તેનું પાલન કરવા માટે જવાબદાર છે.

(C) જયારે સદર કાયદાની હકૂમત અંગેના કારણો આપવામાં આવેલા હોય તે સંજોગોમાં બંધનકર્તા નથી

(D) બિનઅસરકારક તેમજ બંધનકર્તા સ્વરૂપમાં છે

**76.** જનરલ એસેમ્બલી (સામાન્ય સભા) દ્વારા 2006 ના વર્ષમાં નીચે દર્શાવ્યા પૈકી કઈ સંસ્થા માનવ અધિકારના રક્ષણ તેમજ પ્રચાર માટે 60 વર્ષ જૂના માનવ અધિકાર પંચના બદલે રચવામાં આવેલી ?

(A) માનવ અધિકાર એક્ઝીક્યુટિવ સમિતિ

(B) માનવ અધિકાર ટાસ્ક ફોર્સ

(C) માનવ અધિકાર અદાલતો

(D) માનવ અધિકાર પરિષદ

Prepp
Your Personal Exams Guide

77. Which of the following has been established by the European convention on Human Rights and Fundamental Freedoms 1950 ?

(A) European Court

(B) European Police

(C) European Human Rights Task Force

(D) All of the above

78. Which of the following contains "Universal respect for, and observance of Human Rights and Fundamental Freedoms for all without distinction as to race, sex, language or religion" ?

(A) U.N.Charter

(B) Universal Declaration of Human Rights

(C) European covenant on Human Rights and Fundamental Freedoms

(D) International Covenant on Civil and Political Rights

77. નીચે દર્શાવ્યા પૈકી કઈ સંસ્થાને યુરોપિયન કન્વેન્શન ઓન હ્યુમન રાઈટ્સ એન્ડ ફન્ડામેન્ટલ ફ્રીડમ 1950 (માનવ અધિકારો અને મૂળભૂત ફરજો અંગે યુરોપીયન પરિષદ ૧૯૫૦) દ્વારા સ્થાપવામાં આવેલ છે ?

(A) યુરોપિયન અદાલત

(B) યુરોપિયન પોલિસ

(C) યુરોપિયન માનવ અધિકાર ટાસ્ક ફોર્સ

(D) ઉપરોક્ત તમામ

78. નીચેના પૈકી કયા દસ્તાવેજમાં આ શબ્દોનો સમાવેશ થાય છે ? "જાતિ, લિંગ, ભાષાકે ધર્મ ના ભેદભાવ વગર તમામ માટે વૈશ્વિક આદર, તેમજ માનવ અધિકારો અને મૂળભૂત ફરજો નું પાલન"

(A) યુ. એન. ચાર્ટર

(B) માનવ અધિકારો નો વિશ્વ ઢંઢેરો

(C) માનવ અધિકારો અને મૂળભૂત ફરજો અંગે યુરોપિયન સંધિ

(D) નાગરિક અને રાજકીય અધિકારો અંગે આંતરરાષ્ટ્રીય સંધિ

Prepp
Your Personal Exams Guide

**79.** Match the following in the light of the provisions of the Universal Declaration of Human Rights.

1. Right to life, liberty and security — a. Article 8
2. Right against torture, cruel or inhuman treatment — b. Article 5
3. Right to effective remedy — c. Article 3

**Codes :**

(A) 1 – a, 2 – b, 3 – c

(B) 1 – c, 2 – b, 3 – a

(C) 1 – b, 2 – c, 3 – a

(D) 1 – b, 2 – a, 3 – c

**79.** માનવ અધિકારો અંગે વિશ્વ ઢંઢેરો (યુનિવર્સલ ડીકલેરેશન ઓફ હ્યુમન રાઈટસની) જોગવાઈઓના સંદર્ભમાં નીચેની જોગવાઈઓને જોડો.

1. જીવનજીવવાનો, સ્વતંત્રતાનો અને સલામતિનો અધિકાર — a. અનુચ્છેદ 8
2. ક્રુરતા, હિંસા અને અમાનવીય કૃત્યો વિરુદ્ધ અધિકાર — b. અનુચ્છેદ 5
3. અસરકારક ઉપચાર નો અધિકાર — c. અનુચ્છેદ 3

વિકલ્પો :

(A) 1 – a, 2 – b, 3 – c

(B) 1 – c, 2 – b, 3 – a

(C) 1 – b, 2 – c, 3 – a

(D) 1 – b, 2 – a, 3 – c

**80.** Which of the following Right is not guaranteed by the Universal Declaration of Human Rights, 1948 ?

(A) Right against arbitrary arrest

(B) Right to own Property

(C) Right to Nationality

(D) Right to be granted Asylum

**80.** નીચે દર્શાવ્યા પૈકીનો કયો અધિકાર માનવ અધિકાર અંગેના વિશ્વ ઢંઢેરા (યુનિવર્સલ ડીકલેરેશન ઓફ હ્યુમન રાઈટસ) દ્વારા ઓળખાવવામાં આવેલ નથી ?

(A) સ્વછંદી ધરપકડ વિરુદ્ધ અધિકાર

(B) મિલકત ધરાવવાનો અધિકાર

(C) નાગરિકતાનો અધિકાર

(D) આશ્રય મેળવવાનો અધિકાર

81. As per the principles of Copyright law, the copyright can only be bestowed on the owner by

(A) Registration before appropriate authority

(B) Virtue of creation of work

(C) Registration and publication of work

(D) Commercial usage of the work

82. Which of the following case deals with the notion that the right to prevent alteration and other actions that may damage the author's honor or reputation is also integral part of the Copyright ?

(A) R.G. Anand Vs. Delux Films

(B) Dev Anand Vs. Kishor Kumar

(C) Entertainment Network Limited Vs. Super Cassette Industries Limited

(D) Amarnath Sehgal Vs. Union of India

83. Which of the following order contains a prohibitory order against unknown parties in respect of Copyright infringement ?

(A) Anton Piller Order

(B) Mareva Injunction

(C) Permanent Injunction

(D) John Doe Order

81. કોપીરાઇટના કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર કોઈ કૃતિના સર્જકને કોપીરાઇટ નીચે દર્શાવેલ પદ્ધતિ અનુસાર પ્રાપ્ત થઇ શકે.

(A) અધિકૃત સત્તા સમક્ષ નોંધણી કરાવવાથી

(B) કૃતિની રચના કરવા માત્રથી

(C) કૃતિની નોંધણી તેમજ પ્રકાશન કરવાથી

(D) કૃતિના વ્યાપારી ઉપયોગથી

82. નીચે દર્શાવેલ કેસો પૈકી કયો કેસ એ અભિપ્રાયને સમર્થન આપે છે કે કોઈ કૃતિમાં સુધારાવધારા તેમજ સર્જકના માન અથવા પ્રતિષ્ઠાને નૂકશાન કરે અથવા હાનિ પહોંચાડે તેવાં પગલાં વિરુદ્ધ કાર્યવાહિ કરવાના અધિકારને પણ કોપીરાઇટનો અંતર્ગત ભાગ ગણવામાં આવશે ?

(A) આર. જી. આનંદ વિરુદ્ધ ડીલક્સ ફિલ્મ્સ

(B) દેવ આનંદ વિરુદ્ધ કિશોર કુમાર

(C) એન્ટરટેઈનમેન્ટ નેટવર્ક લિમિટેડ વિરુદ્ધ સુપર કેસેટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

(D) અમરનાથ સેહગલ વિરુદ્ધ ભારત સરકાર

83. નીચે દર્શાવ્યા પૈકી ક્યા અદાલતી હૂકમમાં કોપીરાઇટનો ભંગ થયાના સંજોગોમાં અજાણ્યા પક્ષકારો વિરુદ્ધ પ્રતિબંધાત્મક હૂકમ નો સમાવેશ થાય છે ?

(A) 'એન્ટન પીલર' હુકમ

(B) 'મરેવા' મનાઈહુકમ

(C) કાયમી મનાઈહુકમ

(D) જોહ્‌ન ડો હુકમ

Prepp Your Personal Exams Guide

**84.** As per the provisions of the Copyright Act, 1957, a work must be __________ in order to get protection.

(A) Novel
(B) Unique
(C) Distinct
(D) Original

**85.** 'Painless Pharmaceuticals Limited' invented and got a patent for component 'P' which can be used for the treatment of bodypain. Health Pharmaceuticals Limited, a company working on the similar kind of research and development, found that the component 'P' can also be used to cure cough and cold. Which of the following is correct for this notion ?

(A) Use of new component 'P' can be patented by Health Pharmaceuticals under the provisions of the Patent Act, 1970

(B) The new use of component 'P' cannot be patented as per the provisions of Section 3(d) of the Patent Act, 1970

(C) The new use of component 'P' can be Copyrighted and cannot be patented

(D) The new use of component 'P' cannot be patented under the provisions of Section 3(K) of the Patent Act, 1970

**84.** કોપીરાઇટ અધિનિયમ, ૧૯૫૭ ની જોગવાઈઓ મુજબ, કોપીરાઇટનું રક્ષણ પ્રાપ્ત કરવા માટે કોઈપણ કૃતિ ____ હોવી જોઈએ.

(A) નવિન
(B) અજોડ
(C) વિશિષ્ઠ
(D) અસલ / મૌલિક

**85.** પેઈનલેસ ફાર્માસ્યુટિકલ લિમિટેડ એ એક તત્વ 'પી' નું સંશોધન કર્યું. જે માટે પેટન્ટ અધિકારો મેળવવામાં આવેલ છે, જે તત્વ શારીરિક પીડાના નિવારણ માટે ઉપયોગમાં લઇ શકાય છે. હેલ્થ ફાર્માસ્યુટિકલ લિમિટેડ એ નામની કંપની કે જે સમાન પ્રકારનું સંશોધન અને વિકાસ કરતી કંપની છે, તેને શોધ્યું કે 'પી' નામનું તત્વ શરદી અને ખાંસી ના નિવારણ માટે પણ વાપરી શકાય છે. આ સંજોગોમાં નીચેના પૈકી કયું વાક્ય સાચું છે ?

(A) તત્વ 'પી' ના નવા ઉપયોગ માટે હેલ્થ ફાર્માસ્યુટિકલ દ્વારા પેટન્ટ અધિકારો પેટન્ટ અધિનિયમ 1970 હેઠળ પ્રાપ્ત કરી શકાય

(B) તત્વ 'પી' ના નવા ઉપયોગ માટે પેટન્ટ અધિનિયમ 1970 ની કલમ 3 (ડી) ની જોગવાઈઓ અનુસાર પેટન્ટ અધિકારો પ્રાપ્ત કરી ના શકાય

(C) તત્વ 'પી' ના નવા ઉપયોગ માટે કોપીરાઇટ મેળવી શકાય પરંતુ પેટન્ટ અધિકારો મેળવી ના શકાય

(D) તત્વ 'પી' ના નવા ઉપયોગ માટે પેટન્ટ અધિનિયમ 1970 ની કલમ 3 (કે) ની જોગવાઈઓ અનુસાર પેટન્ટ અધિકારો પ્રાપ્ત કરી ન શકાય

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**86.** Match the following concepts and cases in light of the principles of Intellectual Property Rights.

| | |
|---|---|
| 1. Idea and Expression Dichotomy | a. R.G. Anand Vs. Delux Films |
| 2. Patentable inventions in form of Micro-Organisms | b. Diamond Vs. Chakraborty |
| 3. Protection of Performer's Rights | c. Star India Vs. Piyush Agarwal |
| 4. Wideness of the definition of trademarks | d. Laxmikant Patel Vs. Chetanbhai Shah |

**Codes :**

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d

(B) 1 – b, 2 – c, 3 – d, 4 – a

(C) 1 – c, 2 – d, 3 – a, 4 – b

(D) 1 – d, 2 – a, 3 – b, 4 – c

**87.** As per the principles of Patent Law, which of the following is not a basic requirement for obtaining a patent ?

(A) It must be extraordinarily creative

(B) It must have utility

(C) It must be novel

(D) It must have an inventive step

**86.** નીચેના તારણો અને કેસોના બૌદ્ધિક સંપતિના અધિકારોના સિદ્ધાંતોના સંદર્ભમાં જોડો:

| | |
|---|---|
| 1. વિચાર અને તેની અભિવ્યક્તિ વિભાજન | a. આર.જી.આનંદ વિરુદ્ધ ડિલક્સ ફિલ્મ્સ |
| 2. અતિસુક્ષ્મ જીવાણુંઓના સ્વરૂપમાં પેટન્ટ અધિકારો પ્રાપ્ત કરી શકે તેવા સંશોધનો | b. ડાયમન્ડ વિરુદ્ધ ચક્રવર્તી |
| 3. ભજવનારાઓના અધિકારોનું રક્ષણ | c. સ્ટાર ઇન્ડિયા વિરુદ્ધ પીયુશ અગ્રવાલ |
| 4. વ્યાપાર ચિન્હની વ્યાખ્યાની વિશાળતા | d. લક્ષ્મીકાંત પટેલ વિરુદ્ધ ચેતનભાઈ શાહ |

વિકલ્પો

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d

(B) 1 – b, 2 – c, 3 – d, 4 – a

(C) 1 – c, 2 – d, 3 – a, 4 – b

(D) 1 – d, 2 – a, 3 – b, 4 – c

**87.** પેટન્ટ અધિકારોના કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ, નીચેના પૈકી કયો વિકલ્પ પેટન્ટ અધિકારો મેળવવા માટેની મૂળભૂત જરૂરીયાત નથી ?

(A) અસાધારણ રીતે રચનાત્મક સંશોધન

(B) વપરાશમાં લઇ શકાય તેવું સંશોધન

(C) નવિન સંશોધન

(D) કલ્પનાશીલ સંશોધન પગલું

www.prepp.in

**88.** As per the provisions of the Trademark Law, what do collective trademarks indicate ?

(A) Connection of a trademark with a proprietor or partnership firm

(B) Trademark which cannot be subject to monopoly

(C) A unified collection of all the registered trademarks

(D) Connection of a trademark with a proprietor association

**89.** In which of the following Judgement, the Hon'ble Supreme Court endorsed 'Miller Test' as a basic test for obscenity ?

(A) Directorate General of Doordarshan Vs. Anand Patwardhan

(B) Shreya Singhal Vs. Union of India

(C) Bennett Coleman Vs. Union of India

(D) Internet and Mobile Association of India Vs. Union of India

**90.** Which of the following Section of the Information Technology Act, 2000 provides punishment for publishing or transmitting of material depicting children in Sexually Explicit Act in electronic form ?

(A) Section 66 B (B) Section 67 A

(C) Section 67 B (D) Section 69

**88.** વ્યાપાર ચિન્હોના કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ 'સામૂહિક વ્યાપાર ચિન્હો' શું દર્શાવે છે ?

(A) માલિક અથવા ભાગીદારી પેઢીનું વ્યાપાર ચિન્હ સાથે જોડાણ

(B) એવો વ્યાપાર ચિન્હ કે જે અંગે ઈજારો પ્રાપ્ત કરી ન શકાય

(C) તમામ નોંધાયેલા વ્યાપાર ચિન્હોનું એકત્રિકરણ

(D) માલિકોના મંડળ સાથે વ્યાપાર ચિન્હનું જોડાણ

**89.** નીચે દર્શાવ્યા પૈકી ક્યાં નિર્ણયમાં માનવીય સર્વોચ્ચ અદાલત દ્વારા 'મીલર કસોટી' ને અશ્લિલતા અંગે મૂળભૂત કસોટી તરીકે સમર્થન આપવામાં આવેલ છે ?

(A) ડીરેક્ટરેટ જનરલ ઓફ દુરદર્શન વિરુદ્ધ આનંદ પટવર્ધન

(B) શ્રેયા સિંઘલ વિરુદ્ધ ભારત સરકાર

(C) બેનેટ કોલમેન વિરુદ્ધ ભારત સરકાર

(D) ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ અસોસિયેશન ઓફ ઇન્ડિયા વિરુદ્ધ ભારત સરકાર

**90.** ઇન્ફોર્મેશન ટેકનોલોજી કાયદો 2000 ની નીચે દર્શાવેલી કઈ કલમ ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં બાળકોને જાતિય વિકૃત અવસ્થામાં દર્શાવતા સાહિત્યને પ્રસિદ્ધ કરવા અથવા પ્રસારણ કરવા બદલ સજાની જોગવાઈ ધરાવે છે ?

(A) કલમ 66 B (B) કલમ 67 A

(C) કલમ 67 B (D) કલમ 69

Prepp
Your Personal Exams Guide

**91.** What is freedom of Religion under U.S. Constitution ?

(A) You can't choose the time you practice your religion

(B) You must choose a religion

(C) You can practice any religion or not practice a religion

(D) No one can practice a religion

**92.** In U.S. both the President and Vice President can no longer serve, who becomes President ?

(A) President of the Senate

(B) Speaker of the House

(C) Governor of the most populous State

(D) Chief Justice of Supreme Court

**93.** Which was the first Indian State to establish the Institution of Lokayukta ?

(A) Bihar

(B) Uttar Pradesh

(C) Andhra Pradesh

(D) Maharashtra

**94.** Which is the oldest known system designed for the redressal of citizens grievance ?

(A) Ombudsman system

(B) Court

(C) Lokayukta

(D) None of the above

**91.** યુ. એસ. ના બંધારણ અનુસાર ધાર્મિક સ્વતંત્રતાનો અર્થ શું થાય ?

(A) તમારા ધર્મની ક્રિયાઓ અંગેનો સમય તમે પસંદ કરે ન શકો

(B) તમારે કોઈ ધર્મ પસંદ કરવો જ પડશે

(C) તમો કોઈપણ ધર્મ પસંદ કરી શકો અથવા ધર્મ પસંદ ના કરી શકો

(D) કોઈપણ વ્યક્તિ ધર્મ પાલન કરી ન શકે

**92.** યુ. એસ.માં જ્યારે રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંને ન હોય તો તે સંજોગોમાં કોણ રાષ્ટ્રપતિ બનશે ?

(A) સેનેટના પ્રમુખ

(B) ગૃહના સ્પીકર

(C) સૌથી વધુ પ્રખ્યાત રાજ્યના ગવર્નર

(D) સર્વોચ્ચ અદાલતના પ્રમખ જજ

**93.** લોકાયુક્તની સ્થાપના કરનાર ભારતનું સૌપ્રથમ રાજ્ય કયું હતું ?

(A) બિહાર

(B) ઉત્તર પ્રદેશ

(C) આંધ્રપ્રદેશ

(D) મહારાષ્ટ્ર

**94.** નાગરિકોના વિવાદોના નિવારણ માટે રચવામાં આવેલી સૌથી જૂની પદ્ધતિ કઈ ગણાય છે ?

(A) લોકપાલ પદ્ધતિ

(B) અદાલત

(C) લોકાયુક્ત

(D) ઉપરમાંથી કોઈ નહિ

Prepp
Your Personal Exams Guide

**95.** Who makes U.S. Federal Law ?

(A) Congress

(B) The State

(C) The President

(D) The Supreme Court

**96.** Who wrote 'Declaration of Independence' ?

(A) Abraham Lincon

(B) James Madison

(C) George Washington

(D) Thomas Jefferson

**97.** In Federal System, the Central Government cannot order the

(A) President

(B) Local Government

(C) State Government

(D) None of the above

**98.** The power of the President of India to issue an ordinance is

(A) Legislative Power

(B) Executive Power

(C) Quasi-Judicial Power

(D) Judicial Power

**95.** યુ. એસ. સમવાયી (ફેડરલ) અદાલતની સ્થાપના કોણ કરે છે ?

(A) કોંગ્રેસ

(B) રાજ્ય

(C) રાષ્ટ્રપતિ

(D) સર્વોચ્ચ અદાલત

**96.** 'આઝાદીની જાહેરાત' કોના દ્વારા લખવામાં આવેલ ?

(A) અબ્રાહમ લિંકન

(B) જેમ્સ મેડીસન

(C) જ્યોર્જ વોશિંગ્ટન

(D) થોમસ જેફરસન

**97.** સમવાયી પદ્ધતિમાં કેંદ્ર સરકાર ______ ને હૂકમ કરી શકે નહિ.

(A) રાષ્ટ્રપતિ

(B) સ્થાનિક સરકાર

(C) રાજ્ય સરકાર

(D) ઉપરમાંથી કોઈ નહિ

**98.** ભારતના રાષ્ટ્રપતિ પાસે રહેલ વટહૂકમ પસાર કરવાની સત્તા

(A) કાયદાકીય સત્તા છે

(B) કારોબારી સત્તા છે

(C) અર્ધ- ન્યાયિક સત્તા છે

(D) ન્યાયિક સત્તા છે

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**99.** Which of the following does not come under the definition of "Information" under Right to Information Act, 2005 ?

(A) Log Books

(B) Circulars

(C) Filing notes in the process

(D) Data material held in any electronic form

**99.** નીચે દર્શાવ્યા પૈકી શાનો સમાવેશ માહિતિના અધિકાર ધારા ૨૦૦૫ હેઠળ 'માહિતિ' માં થતો નથી ?

(A) લોગબુક

(B) પરિપત્રો

(C) પ્રક્રિયામાં રહેલ ફાઈલીંગ નોંધો

(D) ઈલેક્ટ્રીક સ્વરૂપમાં રહેલ તમામ પ્રકારનું સાહિત્ય

**100.** Lokpal or Lokayukta is competent to

(A) Give observations and recommendations in respect of Administrative Actions to the Government

(B) Investigate complaints involving grievances in respect of Administrative Actions

(C) Discharge the functions of Administrative Officer

(D) Conduct enquiry against Administrative Officer for disciplinary action

**100.** લોકપાલ અથવા લોકાયુક્ત પાસે_____ ની સત્તા રહેલ છે

(A) સરકાર દ્વારા કરવામાં આવેલ વહિવટી કૃત્યો પર અવલોકનો અને અભિપ્રાયો આપવા

(B) કારોબારી કાર્યવાહીઓના અનુસંધાનમાં રહેલ વિવાદો પરત્વેની ફરિયાદો પર તપાસ કરવી

(C) વહિવટી અધિકારી તરીકેના કર્યો અદા કરવા

(D) વહિવટી અધિકારી વિરુદ્ધ ભરવામાં આવેલ શિસ્તની કાર્યવાહિના સંબંધમાં તપાસ કરવી

Prepp
Your Personal Exams Guide

**Space for Rough Work**

Prepp Your Personal Exam Guide

[redacted]

www.prepp.in

Space for Rough Work